સુવિચાર
આપણી વાણી જો મૌનથી ચડિયાતી ન હોય, તો બહેતર છે કે આપણે મૌન જ અપનાવીએ !
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૦/૦૬/૨૦૨૫, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિ ૐ PENDAWALA
વાટીદાળના ખમણ
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૧ જેઠ સુદ-૧૪ વર્ષ : ૧૬ અંક : ૧૫૩

## ઉનાળાનાં લાં...બા ૩૫ દિવસનાં વેકેશન બાદ

# સ્કૂલ ચલે હમ : અમરેલી જિલ્લાની શાળાઓમાં ભુલકાઓનો કલબલાટ શરૂ

ધો. ૧માં પ્રવેશ કરનાર સહિતનાં બાળકોને કુમકુમ તિલક કરવામાં આવ્યું

દેશનું ભવિષ્ય ગણાતા ભુલકાઓને વાલીઓએ હોંશભેર શાળામાં પ્રવેશ કરાવ્યો

શાળા પરિવાર અને શિક્ષણ પ્રેમીઓએ પણ બાળકોને શુભેચ્છા પાઠવી

સાવરકુંડલા, અમરેલી, બાબરા સહિત સમગ્ર જિલ્લાની શાળાઓમાં ધમધમાટ શરૂ


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

અમરેલી, તા. ૯
અમરેલી જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓમાં આજથી શૈક્ષણિક કાર્ય ઉનાળાનાં ૩૫ દિવસનાં વેકેશન બાદ પૂર્ણ થતાં ભુલકાઓનો કલબલાટ શરૂ થયો હતો.

ધો. ૧માં પ્રવેશ કરનાર સહિતનાં બાળકોને કુમકુમ તિલક કરવામાં આવ્યું, તો શાળા પરિવાર અને શિક્ષણપ્રેમીઓએ પણ બાળકોને આવકારી શુભકામના પાઠવી.

**સાવરકુંડલા**
આજથી સાવરકુંડલા અને તાલુકાની શાળાઓમાં નવા શૈક્ષણિક સત્ર ૨૦૨૫–૨૬નો પ્રારંભ થયો છે. ઉનાળાના ૩૫ દિવસના લાંભા વેકેશન બાદ ફરી એકવાર શૈક્ષણિક સંકુલો બાળકોના કલરવ અને ઉત્સાહથી ગુંજી ઉઠી. લાંબા સમયથી શાંત પડેલા વર્ગખંડો ફરી જીવંત બન્યા અને જ્ઞાનની સરવાણી વહેતી થઈ. લાંબા વેકેશન બાદ વિદ્યાર્થીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વેકેશનમાં ગાળેલા

અનુસંધાન પાના ૬ ઉપર

## પત્ની, સાસુ, સસરાથી પીડિત હોવાની ફરિયાદ

# ખાંભા પંથકનાં પરિણીત યુવકે તેની પરિણીત પ્રેમિકા સાથે રાજુલામાં જાહેરમાં ઝેર પી લીધુ

## બંને પ્રેમીઓ સારવાર દરમિયાન મોતને ભેટયા

અમરેલી, તા. ૯
ગત તા. ૭ ના રોજ રાત્રે ૮:૩૦ વાગ્યાના અરસામાં એક પ્રેમી યુગલે જાહેરમાં ઝેરી દવા ગટગટાવી લેતાં આ બનાવમાં બંનેના મોત નિપજતા આ બનાવમાં મૃતક યુવકના ભાઈએ મૃતક યુવકના સાસુ, સસરા તથા પત્નિ સામે ગઈકાલે રાત્રીના રાજુલા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

આ બનાવમાં મરણ જનાર જયસુખભાઈ ભુપતભાઈ સાંખટએ આજથી આશરે ત્રણેક વર્ષ પહેલા ખાંભા તાલુકાના મોટા બારમણ ગામે રહેતી મનીષાબેન ભુપતભાઈ રામભાઈ મકવાણા સાથે ફુલહાર કરી લગ્ન કરેલ હતા. અને એક વર્ષ સુધી તેમનો સુખી ઘર

અનુસંધાન પાના ૬ ઉપર

તૈયાર ફાર્મ હાઉસ વેચવાનું છે
અમરેલીથી માત્ર ૫ (પાંચ) કી.મી.દુર આવેલ રાજકોટ રોડ ઉપર, સ્ટેટ હાઈ-વે થી માત્ર ૭૦૦ મીટર દુર તૈયાર ફાર્મ હાઉસ વેચવાનું છે.
સાડા પાંચ વીઘા જમીન, ૧૫x૨૦ ની એટેચ સંડાસ બાથરૂમ સાથેની રૂમ, બે બોરવેલ, સબમર્સીબલ, ફુલ પાણી, ઈલેક્ટ્રીક લાઈટ કનેક્શન, શેડ સાથેનું તૈયાર ફાર્મ હાઉસ વેચાણથી આપવાનું છે.
સંપર્ક : ૯૮૨૫૫ ૬૨૩૬૧

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

## એક લાખની વધુની રોકડ રકમ અને દાગીનાની ચોરી કરી

# બાબરાનાં રામનગરમાં એક શિક્ષક સહિત બે વ્યકિતનાં મકાનનાં તાળા તોડીને ૪ તસ્કરોએ તરખાટ મચાવ્યો

## તસ્કરોએ પથ્થર મારતાં યુવાનને માથાના ભાગે ગંભીર ઈજા


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૯
બાબરામાં રામનગર વિસ્તારમાં ગત મોડી રાતે ચાર જેટલા અજાણ્યા શખ્સોએ બંધ મકાનને નિશાન બનાવી એક શિક્ષક તેમજ અન્ય વ્યકિતનું મકાન મળી કુલ બે મકાનના તાળા તોડી અંદર પ્રવેશી રૂમના સર સામાનમાં ખાખા ખોળા કરી શિક્ષક મહેન્દ્રભાઈ સોલંકીના મકાનમાં રૂપિયા સવા લાખની રોકડ ચોરી ગયા હતા તેમજ અન્ય એક રહીશ તેજભાઈ ટોળીયાના મકાનમાંથી રૂા. ૧૦હજાર રોકડ તેમજ ચાંદીના કડલાની જોડી ચોરી ગયા છે.

શિક્ષક મહેન્દ્રભાઈ સોલંકી પોતાના સાળાને ત્યાં અમદાવાદ ખાતે પરિવાર સાથે પ્રસંગમાં ગયા હતા અને પાછળથી ચોરી થઈ હતી જયારે તેજાભાઈ ટોળીયા પોતાનું મકાન બંધ કરી સુરત ગયા હતા.

અહીં રાતના અઢીથી ત્રણ વાગ્યાની આસપાસ ચોરી થતી હોવાનો અવાજ આવતા બાજુમાં રહેતા પાડોશી દિવ્યેશભાઈ પ્રજાપતિ પોતાના મકાનના ધાબા પર સુતા હતા અને જાગી જતા તેઓએ તસ્કરો ને પડકારતા તસ્કરો દ્વારા છૂટાં પથ્થરના ઘા મારી નાસી છૂટયા હતા જો કે ત્યારબાદ થોડીવાર બાદ દેકારો થતા તમામ લોકો જાગી ગયા હતા અને પોલીસ પણ આવી ગઈ હતી પણ તસ્કરો હાથમાં આવ્યા નહોતા.

પ્રજાપતિ યુવાનને માથાના ભાગે ઈજા થતાં તાત્કાલિક અસરથી અહીં સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા હતા.

બાબરા પોલીસ દ્વારા શિક્ષક મહેન્દ્રભાઈ સોલંકીની ફરિયાદ અને સીસીટીવી કુટેજના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

નારી હોસ્પિટલ
વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત
- નોર્મલ-જોખમી-સિઝેરીયન પ્રસુતિ
- ડીલેવરી દરમ્યાન બાળકનાં ધબકારાનું મોનીટરીંગ કરવા માટે આધુનિક NST Machine
- પ્રેગનન્સી દરમિયાન બાળકનો વિકાસ તથા ખોડખાંપણ જાણવા માટે અત્યાધુનિક 3D/4D, કલર ડોપ્લર સોનોગ્રાફિ મશીન
- એન્ડોસ્કોપી તથા લેપ્રોસ્કોપી સેટઅપ
- ટાંકાવાળુ, ટાંકા વગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશય/અંડાશયની ગાંઠના ઓપરેશનો
- વંધ્યત્વની આધુનિક સારવાર
ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
સરનામું
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી / ફોન નં.(૦૨૭૯૨) ૨૨૧૩૨૪

વિદ્યાગુરૂ સાયન્સ સ્કૂલ
:: એડ્રેસ :: ગણેશ પાર્ટી પ્લોટ સામે, લાઠી રોડ, અમરેલી
કાર્યક્ષેત્ર ::– ધો–9 થી 12 સાયન્સ/કોમર્સ/RENEET
:: શૈક્ષણિક વિશેષતાઓ ::
✓ હવે અમરેલીના વિદ્યાર્થીઓ પણ (JEE-NEET) Foundation ની તૈયારી કરશે.
✓ જ્યાં વધે Advance Maths-Science, રીઝનીંગ English અને ની અપ ટુ ડેટ તૈયારી.
મેગા સિટી જેવી આધુનિક Schooling System હવે અમરેલીમાં સૌપ્રથમ વાર...
ધો :- 9 & 10
થી જ JEE-NEET માટે એડવાન્સમાં જ તૈયારી કરાવતી એકમાત્ર સંસ્થા
... સ્કોલરશીપ યોજના...
ધોરણ 8 95% ઉપર 9 મું FREE
ધોરણ 9 95% ઉપર 10 મું FREE
ધો.8-9 માં 80% ઉપર મેળવનાર વિદ્યાર્થીઓ સ્કોલરશીપ પરીક્ષા આપી 50 માંથી મેળવેલ ગુણના આધારે સ્કોલશીપ મેળવી શકશે.
# કન્યા કેળવણી અંતર્ગત તમામ દીકરીઓને 25% ફી માફી...
સિલેબસ પર હેતુલક્ષી પ્રશ્નો ::
15 MATHS+15 SCI + 10 ENG.+ 10 S.S.
કૃણાલ ધોળકીયા Maths, M.Sc.,B.Ed. અનુભવ 10 વર્ષ
96645 82254/95863 68637
પંડ્યા મનોજભાઈ Science, M.Sc.,B.Ed. અનુભવ 14 વર્ષ
ધો.11-12 કોમર્સ હવે વિદ્યાગુરૂ માં...
● Smart Board ધરાવતા કલાસ..
● અમરેલીના ખ્યાતનામ ધુરંધર અનુભવી શિક્ષકોની ટિમ.
ADMISSION OPEN - 2025
ધોરણ 11 થી જ CA,CS & CMA FOUNDATION ની તૈયારીઓ કરાવતી સંસ્થા
ધો.-10 માં A1 અને A2 ગ્રેડ લાવનાર વિદ્યાર્થીઓને ફી માફી મળશે...
#કન્યા કેળવણી અંતર્ગત તમામ દીકરીઓને 25% ફી માફી...
ભાઈઓ-બહેનો માટે શ્રેષ્ઠ હોસ્ટેલ તથા City વાહન સુવિધા ઉપલબ્ધ
93287 12928 / 76 220 22086

## આગામી વર્ષ ૨૦૨૭માં ગુજરાતમાં પુનઃ સરકાર બનાવવા માટે

# વિસાવદર વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ જ ''આપ''નાં ઉમેદવાર ગોપાલ ઈટાલીયાને વિજેતા બનવા દે તો નવાઈ નહી

વિસાવદર વિધાનસભાની પેટા ચૂંટણીનો જંગ ચરમસીમાએ પહોંચ્યો છે. ભાજપનાં કદાવર નેતાઓ પ્રચાર કાર્યમાં વ્યસ્ત બન્યા છે તો સામાપક્ષે આમ આદમી પાર્ટીનાં જોશીલા અને યુવા ઉમેદવાર ગોપાલ ઈટાલીયા પણ જબ્બરી મહેનત કરે છે. તો કોંગ્રેસ પક્ષનાં ઉમેદવારને વિજેતા બનાવવા પણ કોંગી દિગ્ગજો મેદાનમાં ઉતરી રહ્યા છે.

વિસાવદર વિધાનસભાની પેટા ચૂંટણીમાં જે રીતે ભાજપે ઉમેદવારની પસંદગી કરી છે તે જોતા પરિણામ આશ્ચર્યજનકલ આવે તો નવાઈ જેવું નહી રહે અને માટે તટસ્થ રાજકીય નિરીક્ષકો એવું માની રહ્યા છે કે વિસાવદર બેઠક ભાજપ ગુમાવેને આગામી અઢી વર્ષ બાદ યોજાનારી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ પુનઃ સરકાર બનાવવાની રણનીતિ ઉપર ચાલે તો નવાઈ જેવું નહી રહે.

ભાજપનાં નેતાઓ કંઈક મેળવવા કંઈક ગુમાવવા પણ તૈયાર હોય છે અને અન્ય રાજકીય પક્ષો કરતાં ભાજપ પાસે ચૂંટણી જીતવાનું જબ્બરૂ નેટવર્ક છે. ભાજપમાં બુધ્ધિજીવીઓ હંમેશા ચૂંટણીમાં કેવી રીતે સફળ થવું તે અંગે અવનવા પ્રયોગો કરતાં જ આવ્યા છે.

હવે, વાત કરીએ વિસાવદર વિધાનસભાની ચૂંટણીની. જો વિસાવદર બેઠક ઉપર ભાજપનાં ઉમેદવાર વિજેતા થાય તો તેમના કટર હરિફ રાજકીય પક્ષ ''આમ આદમી પાર્ટી''માં ઉભો થયેલ ઉત્સાહ ઠંડો પડી જાય. આમેય દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ''આપ''નો પરાજય સાથે ''આપ''નાં સ્થાપક અરવિંદ કેજરીવાલનો પરાજય થયો એટલે ''આપ''નાં કાર્યકર્તાઓમાં નિરાશા જોવા મળે છે.

જો વિસાવદર વિધાનસભામાં ''આપ''નાં ઉમેદવારનો પરાજય થાય તો અઢી વર્ષ પછી યોજાનારી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ''આપ'' ચૂંટણી લડે કે કેમ તેઓ પ્રશ્નાર્થ ઉભો થાય અને વિધાનસભાની આગામી ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધી ટકકર થાય તો ભાજપ સરકારથી નારાજ હોય તે તમામ મતદારો કોંગ્રેસ પક્ષ તરફી મતદાન કરે તો ભાજપનું પુનઃ સરકાર બનાવવાનું સપનું રફેદફે થઈ જાય અને ભાજપનાં રણનીતિકાર આ બાબત સમજતા હોય તે સ્વાભાવિક છે.

ગુજરાત વિધાનસભાની છેલ્લી ૪ ચૂંટણીનું એનાલિસિસ કરીએ તો વર્ષ ૨૦૦૭, વર્ષ ૨૦૧૨ અને ૨૦૧૭માં ત્રિપાંખિયો જંગ ખેલાયો અને ભાજપને ભવ્યત્તમ સફળતા મળી. જયારે વર્ષ ૨૦૧૭માં ભાજપ–કોંગ્રેસ વચ્ચે સીધી ટકકર થઈ તો ભાજપની બેઠકો ૯૯ બેઠક સુધી જ સીમિત રહી ગઈ અને મહામુસીબતે સરકાર બનાવી શકાય. એટલા માટે જો વિસાવદર વિધાનસભા બેઠક ઉપર ''આપ''નાં ઉમેદવાર વિજેતા બને તો જ અઢી વર્ષ પછીની સામાન્ય ચૂંટણીમાં ત્રિપાંખિયો જંગ ખેલાઈ. કારણ કે વિસાવદરનાં ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા બને તો તેઓ ગુજરાતનાં કેજરીવાલ બની જાય અને તમામ ૧૮૨ બેઠકો ઉપર ઉમેદવારની શોધખોળ શરૂ કરી છે અને જો તેઓ પરાજિત થાય તો ''આપ'' વિધાનસભાની ચૂંટણી લડવાનું ટાળી દે તો ભાજપની મુશ્કેલી વધારે. એટલે ભાજપ વિસાવદર બેઠક ગુમાવીને આગામી સામાન્ય ચૂંટણી જીતવાનો પ્લાન બનાવે તે બાબત નકારી શકાય નહી.

આમેય આમ આદમી પાર્ટીનો છેલ્લા ૧૨–૧૩ વર્ષનો રાજકીય ઈતિહાસ જોઈએ તો આ પક્ષે હંમેશા કોંગ્રેસ પક્ષનાં જ મત મેળવ્યા છે અને કોંગ્રેસને જ નુકસાન કર્યુ છે. દિલ્હી અને પંજાબમાંથી કોંગ્રેસને સત્તા વિહિન કરી દીધી તો હરિયાણા અને ગુજરાતમાં પણ કોંગ્રેસને સત્તા મેળવવા ન દીધી.

આમ જુઓ તો અન્ના આંદોલનથી સૌથી વધુ ફાયદો ભાજપ અને આપને જ થયો હતો. આંદોલનની અસરરૂપે ગુજરાતનાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી દેશનાં પ્રધાનમંત્રી બની ગયા અને જે કેજરીવાલ કોર્પોરેટર પણ ન હતા તે દિલ્હીનાં મુખ્યમંત્રી બની ગયા.

ઘણી વખત જોવા મળે છે કે, અરવિંદ કેજરીવાલની પાર્ટી જાણે–અજાણે ભાજપને મદદ કરી રહી છે અને કોંગ્રેસને હંમેશા નુકસાન જ કરતી જોવા મળી રહી છે. જો કે ભારતીય જનતા પાર્ટીએ છેલ્લા ૧૦ વર્ષમાં બસપા, અકાળીદળ, જનતાદળ (બીજી), ટીઆરએસ, શિવસેના, જનતાદળ (યુ), ચૌટાલા, મહેબુબા સહિતની પાર્ટીનો સહયોગ લઈને તેમને પણ સત્તાથી દુર કરી દીધા અને છેલ્લે દિલ્હીમાંથી ''આપ''ને દુર કરી દીધું અને આગામી પંજાબની ચૂંટણીમાં પણ ભાજપ સરકાર બનાવે તો નવાઈ નહી રહે.

અત્યારે ભાજપને સમર્થન આપી રહેલ ચંદ્રબાબુ નાયડુ, ચિરાગ પાસવાન અને નીતિશકુમાર માટે પણ આગામી દિવસોમાં સરકાર બનાવવી ભાજપ મુશ્કેલ કરે તો નવાઈ નહી રહે. કારણ કે ભાજપનો ઈતિહાસ છે કે જેના ખભે બેસીને આગળ આવ્યા તેમને સત્તાથી વિમુખ કરી દીધા છે.

આમ, ભાજપનો ઈતિહાસ અને વ્યુહબાજી જોતા વિસાવદર બેઠક ગુમાવીને ગુજરાત પુનઃ કબ્જો કરવાનો દાવ રમે તો નવાઈ પામવા જેવું નહી રહે.

---

## પાલિકાનાં શાસકો અને જીવદયા પ્રેમીઓ યોગ્ય વ્યવસ્થા કરશે

# પાની રે પાની : સાવરકુંડલામાં કાળઝાળ ગરમી વચ્ચે અબોલ પશુઓ પીવાના પાણી માટે આમથી તેમ ભટકે છે

### અબોલ પશુઓ મત આપી શકતા ન હોવાથી શાસકોને કોઈ ચિંતા નથી




સાવરકુંડલા, તા. ૯

સાવરકુંડલા શહેરમાં આમ તો બોરવેલ દ્વારા મોટાભાગના શહેરોમાં પાણી પુરવઠા વિતરણ કરવામાં આવે છે. સમગ્ર સાવરકુંડલામાં અનેક વિસ્તારોમાં બોરવેલ દ્વારા ભૂગર્ભ પાણી ખેંચી શહેરને પાણી પુરવઠો પૂરો પાડવાનો ખૂબ વર્ષો જૂનો ક્રમ છે. શહેરના ભૂગર્ભ પેટાળમાં ૭૦૦, ૮૦૦ કે ૧૦૦૦ ફૂટ જેટલાં ઉંડા બોરવેલ દ્વારા ગરમ ગરમ પાણી ખેંચીને પાઈપ લાઈન દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં પાણી પુરૂ પાડવામાં આવી રહ્યું છે. પ્રસ્તુત તસવીરમાં એક ગાય એક બોરવેલના પાઈપ લાઈન દ્વારા પાણી અપાતાં વાલ્વનાં ઉપર લીક થતાં પાણીનો એક નાનકડા એવા પાઈપમાં મોઢું નાખીને પાણી પીવાનો પ્રયાસ કરી રહી છે.!! આ વાલ્વમાંથી નીકળતાં પાણીથી પોતાની તૃષા છીપાવવા પ્રયાસ કરી રહી છે.!! શહેરની કરૂણતા પણ એ છે કે શહેરમાં રસ્તે રખડતાં પશુઓની સંખ્યા પણ ઘણી છે. જયારે ઘાસચારો કે પશુઓના આહાર માટે તો રામ ધણી જેવી સ્થિતિ હોય તેમ લાગે છે.!!! જો કોઈના હદયમાં રામ વસે તો આ અબોલ પશુઓને ભોજન માટે કંઈક આપે... એટલે શહેરની ગલીઓ અને રસ્તાઓ જ તેમને મન ગેચર..!! હા, પશુઓને પીવાનું પાણી પણ પર્યાપ્ત માત્રામાં તો જોઈએ'ને? માનવજાતને હેલ્ધી રહેવા માટે વધુ પાણી પીવાની તબીબો દ્વારા સલાહ આપવામાં આવે છે. પરંતુ આ રસ્તે રઝળપાટ કરી રહેલાં મૂંગા અબોલ નિર્દોષ પશુઓ માટે પાણી પીવાની વ્યવસ્થા કયાં? અને કેવી? આ રસ્તે રખડતા પશુઓ કહે છે કે અમારે સ્નાન કે હાથપગ ધોવા માટે પાણી નથી જોઈતું, પરંતુ તરસ છીપાવવા તો પાણી આપો..! જો કે કોઈ જીવદયા પ્રેમી હોય તો ઘર પાસે પાણીની નાની કુંડીઓમાં પાણી ભરે છે. પરંતુ એવા તો ખૂબ જૂજ હોય'ને ? આવી પરિસ્થિતિમાં જયાંથી પણ પાણી પ્રાપ્ત થયું, જેવી સ્થિતિમાં પ્રાપ્ત થયું, તરસ છીપાવવા માટે આ રખડતાં પશુઓ માટે એ પાણી અમૃત સમાન..!! બોરવેલનું પાણી તો ગરમ હોય.. છતાં બીજો વિકલ્પ ન હોય રસ્તા કે શેરીઓમાં રખડતા પશુઓએ પાણીથી પણ તરસ છીપાવવાનો પ્રયાસ કરતાં જોવા મળે છે.!!! ગાયને આપણે માતા તરીકે પૂજીએ છીએ તેની આવી હાલત માટે જવાબદાર કોણ ? મોટી મોટી ગુલબાંગ હાંકતાં નેતાઓ આ સમસ્યાનો હલ કરી શકશે ખરા? જો કે એક વાત પણ સ્પષ્ટ છે કે આ અબોલ નિર્દોષ રખડતાં ભટકતા પશુઓને મત આપવાનો અધિકાર નથી. એટલે એની સમસ્યાનો પ્રત્યાઘાત મતલક્ષી રાજકીય પરિપેક્ષમાં આવે ખરો ? એમ આ અબોલ જીવો અંદરો અંદર એકબીજાને સવાલ કરી રહ્યા હોય પણ ખરાં.. આવા નિર્દોષ અબોલ પશુઓ માટે પાણી પીવા માટેના જાહેર અવેડા કેટલા? એ તો ગુગલ મેપ પર જોઈએ તો ખ્યાલ આવે.!! જો કે રસ્તે રખડતા આ અબોલ નિર્દોષ પશુઓને પણ આ અવેડાની જાણકારી હોય ખરી? વ્યકિતના માલિકીના પશુઓને તો એ પશુઓના માલિક અવેડા તરફ દોરી જાય અને પાણી પીવડાવે પરંતુ આ રખડતાં ભટકતા મૂંગા અબોલ પશુઓના રખેવાળ કોણ ? આ અબોલ નિર્દોષ પશુઓ પૂછે પણ ખરાં કે સિંધુ જળ સંધિ રદ કર્યા બાદ વધેલા જળનો ઉપયોગ આ રખડતાં ભટકતા પશુઓની તૃષા સંતોષવા માટે થશે ખરો?

---

# ગાંધીનાં ગુજરાતમાં આવુ દ્રશ્ય દુર્ભાગ્યપૂર્ણ



તસ્વીર : સમીર વિરાણી–બગસરા


મહાત્મા ગાંધીની જન્મભૂમિ ગુજરાતમાં દારૂબંધીનો કાયદો અમલમાં હોવા છતાં દેશી–વિદેશી દારૂની હેરફેર અને સેવન રોજિંદી ઘટના બને છે. પોલીસ વિભાગ હજારો બોટલ દારૂની ઝડપે કે હજારો લિટર દેશી દારૂ ઝડપે છતાં પણ દારૂનાં વ્યસનીઓ દારૂની લતમાં પોતાની અમૂલ્ય જીંદગી બરબાદ કરીને સાથો સાથ, પરિવારજનોની પણ મુશ્કેલી વધારી રહ્યા છે. બગસરાનાં બસ સ્ટેન્ડમાં સેંકડો મુસાફરોની નજર સામે એક વ્યસની શરાબનાં નશામાં બેહોશ જેવી હાલતમાં જમીન પર પડેલ દ્રશ્ય શનિવારે જોવા મળતા મુસાફરો પણ આ ઘટનાને નિહાળીને દુઃખ વ્યકત કરી રહ્યા હતા.

---

## સાંજના સમયે ધુમાડાનાં ગોટેગોટા જોવા મળ્યા

# રાજુલાનાં હિંડોરણા ગામે એક ફેક્ટરીમાં આગ લાગતા દોડધામ મચી

### એકી સાથે ૬ ફાયર ફાઈટરે પાણીનો મારો કર્યો



તસ્વીર : યોગેશ કાનાબાર–રાજુલા

અમરેલી, તા. ૯

રાજુલા તાલુકાના હિંડોરણા ગામે સાંજે કોઈ કારણોસર એક ફેકટરીમાં ભીષણ આગ લાગતા રાજુલા પાલિકાના બે ફાયર ફાઈટર તથા સ્થાનિક કંપનીના બે મળી કુલ ૬ ફાયર ફાઈટર દ્વારા આગ પર કાબુ મેળવવાનો પ્રયાસ હાથ ધરવામાં આવેલ છે. ત્યારે આગના બનાવને લઈ ધુમાડાના ગોટેગોટા દૂર દૂર સુધી દેખાય રહયા છે. જેને લઈ અફડા તફડીનો માહોલ જોવા મળી રહયો છે. જો કે આગ લાગવા માટેનું કોઈ ચોક્કસ કારણ જાણી શકાયું નથી. જો કે આગમાં કોઈ જાનહાની થયાનું જાણવા મળેલ નથી.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ રાજુલા તાલુકાના હિંડોરણા ગામે સાંજે કોઈ કારણોસર એક બાળકોને પહેરાવવાના ડાયપર બનાવતી ફેકટરીમાં ભીષણ આગ લાગતા આ બનવાની જાણ થતાં રાજુલા પાલિકાના બે ફાયર ફાઈટર તથા સ્થાનિક કંપનીના બે મળી કુલ ફાયર ફાઈટર દ્વારા આગ પર કાબુ મેળવવાનો પ્રયાસ હાથ ધરવામાં આવેલ છે.

ત્યારે ભીષણ આગના બનાવને લઈ ધુમાડાના ગોટે ગોટા દૂર દૂર સુધી દેખાય રહયા છે. જેને લઈ અફડા તફડીનો માહોલ જોવા મળી રહયો હતો. જો કે આગ લાગવા માટેનું કોઈ ચોક્કસ કારણ જાણી શકાયું નથી. જો કે આગમાં કોઈ જાનહાની થયાનું જાણવા મળેલ નથી. જો રાત્રે આઠ વાગ્યા સુધી આગ કાબુમાં આવેલ ના હોય, ફાયર ફાયટર આગને કાબુમાં લેવા મથામણ કરી રહ્યાનું જાણવા મળેલ છે.

---

## ધારી ગીર પૂર્વ અથવા શેત્રુંજી ડિવિઝનનો હોવાની આશંકા

# સિંહ પજવણીનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થતાં સિંહપ્રેમીઓ નારાજ

### વનવિભાગે સિંહોની પજવણી દુર કરાવવી જરૂરી

અમરેલી, તા. ૯

સૌરાષ્ટ્ર પંથકમાં સૌથી વધુ એશિયાટિક સિંહનો વસવાટ અમરેલી જિલ્લામાં હોય. ત્યારે સૌથી વધુ ગેરકાયદે સિંહદર્શન પણ અમરેલી જિલ્લામાં થતાં હોવાના વીડિયો અવાર નવાર સામે આવતાં હોય છે. આમ ગેરકાયદે યોજાતા લાઈન શો તથા સિંહ પજવણીના કારણે છંછેડાયેલા સિંહ માનવીઓ ઉપર હુમલાઓ કરતાં થયા છે. ત્યારે વન વિભાગે ગેરકાયદે યોજાતા લાઈન શો તથા સિંહ પજવણીના બનાવોને અટકાવવા માટે કડક પગલાં ભરવા માટે થઈ વન્ય પ્રાણીપ્રેમીઓ દ્વારા માંગ કરવામાં આવી રહી છે. ત્યારે વધુ એક વખત બે અલગ અલગ વીડિયોમાં સિંહોની ખુલ્લેઆમ પજવણી કરાતી હોવાનું સામે આવેલ છે.



આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ ધારી ગીર પૂર્વ અથવા શેત્રુંજી ડિવિઝન તળે કુદરતી પ્રક્રિયામાં સિંહ–સિંહણ વિહરતા હોય. ત્યારે ગઈકાલે ઢળતી સંધ્યાએ કોઈ પજવણીખોર શખ્સો દ્વારા સિંહ–સિંહણ પાછળ પોતાનું બાઈક લઈને ગેરકાયદે સિંહ દર્શન માટે પહોંચ્યા હતા. ત્યારે એક બાઈક ચાલકે સિંહની પજવણી કરવા અને તે માટે થઈ વિકૃત આનંદ મેળવવા માટે સિંહ યુગલ પાછળ બાઈક દોડાવી હતી.

આ પજવણીખોરો નશાની હાલતમાં ભાન ભૂલી સિંહને ાન માની લીધું હોય. ત્યારે જ સિંહ યુગલ પાછળ બાઈક દોડાવતા શખ્સોનો જંગલના રાજાએ પ્રતિકાર કરતાં અને સિંહ પાછું વળી બાઈક ચાલકની સામે નજર કરતાં બાઈક ચાલકની રાડ ફાટી જવા પામેલ હતી.

આ ઘટનાઅંગેનો વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થતાં જ વન્ય પ્રેમીઓમાં ભારે રોષ જોવા મળેલ છે અને આવા ગેરકાયદે લાઈન શો યોજતા અને સિંહની પજવણી કરતાં શખ્સો સામે કડક પગલાંભરવા માટે થઈ વન્યપ્રાણીપ્રેમીઓ દ્વારા માંગ કરવામાં આવી રહી છે.

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

---

## કુલ ૪ સ્થળોએ કાર્યવાહી કરાઈ

# અમરેલી જિલ્લામાં તહેવારીયો જુગાર રમતા પત્તાપ્રેમીઓને ઝડપી લેવાયા

### અંદાજિત એક લાખ લાખ રૂપિયા કબ્જે કરાયા

અમરેલી, તા. ૯

અમરેલી જિલ્લામાં તહેવારીયો જુગાર રમાતો હોવાથી બાતમી મળતા જેતે સ્થાનિક પોલીસ દરોડા પાડી ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

પ્રથમ બનાવમાં અમરેલીમાં રહેતા કૌશીકભાઈ નરોતમભાઈ દુવાણીયા, સાકેતભાઈ અનવરભાઈ લાલાણી, અહેસાન રફીકભાઈ રાસડીયા, અમનભાઈ યુનુસભાઈ લાલાણી, કાર્તીકભાઈ મહીપાલભાઈ ગોહિલ, રાહુલભાઈ ઉમેદભાઈ પંજવાણી, પૃથ્વીરાજભાઈ ગભરુભાઈ જેબલીયા, હીતેશભાઈ પ્રકાશભાઈ સોજીત્રા સહિતના નવ ઈસમો તા. ૮ના રાત્રીના ૨:૩૦ વાગ્યે જાહેરમાં પૈસાની હારજીતનો તીનપતીનો જુગાર રમતા રોકડ રકમ રૂા. ૧૧,૩૮૦નાં મુદ્દામાલ સાથે દરોડા દરમ્યાન ઝડપાય જતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ હતી.

બીજા બનાવમાં અમરેલી તાલુકાના વરસડા ગામે રહેતા જગદીશભાઈ રવજીભાઈ ભેસાણીયા તથા અશોકભાઈ બાલાભાઈ ભેસાણીયા સહિત આઠેય ઈસમો તા. ૮ના રોજ રાત્રીના ૨:૧૫ વાગ્યે વરસડા ગામે સદગુરૂ નગરમાં જગદીશભાઈ રવજીભાઈ ભેસાણીયા વંડા પાસે જાહેરમાં સ્ટ્રીટ લાઈટના અંજવાળે તીન પતીનો જુગાર રમતાં રોકડ રૂપિયા ૬૪,૨૦૦નાં મુદ્દામાલ સાથે ઝડપાય જતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.

ત્રીજા બનાવમાં સાવરકુંડલા ગામે રહેતા પ્રવિણભાઈ કાળુભાઈ રાઠોડ સહિત ૭ આરોપીઓ જાહેરમાં પૈસાની હારજીતનો તીનપતીનો જુગાર રમતા કુલ રોકડ રૂપિયા ૧૬,૨૮૦ના મુદ્દામાલ સાથે ઝડપાય જતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.

ચોથા બનાવમાં સાવરકુંડલા તાલુકાના ધોબા ગામે રહેતા નાનજીભાઈ બાબુભાઈ ચુડાસમા સહિત આઠેય ઈસમો ધોબા ગામે દેવીપુજકવાસ પાસે જાહેર જગ્યામાં સ્ટ્રીટ લાઈટના અંજવાળે પૈસા વડે હારજીતનો તીનપતીનો જુગાર રમતા રોકડ રૂપિયા ૨૧,૩૦૦ સાથે ઝડપાય જતાં પાલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.

---

## આરોપી શિલ્પેશભાઈ ઉર્ફે શિલ્પો વિરૂધ્ધ કાર્યવાહી

# સાવરકુંડલામાં રહેણાંક મકાન સામેનાં ખુલ્લા પ્લોટમાંથી વિદેશી દારૂ ઝડપાયો

### અન્ય એક આરોપીની પોલીસે શોધખોળ આદરી

અમરેલી, તા. ૯

સાવરકુંડલા ગામે આવેલ કાપેલધાર દશાશ્રીમાળીની વાડી વાળા ખાંચામાં રહેતા આરોપી શીલ્પેશભાઈ ઉર્ફે શિલ્પો બાલુભાઈએ પોતાના રહેણાંક મકાનની સામે આવેલ ખુલ્લા પ્લોટમાં પાસ–પરમીટે ભારતીય બનાવટની વિદેશી દારૂની અલગ–અલગ બ્રાન્ડની બોટલ નંગ–૧૧૨ કિંમત રૂા. ૭૨,૩૮૦નો મુદ્દામાલ રાખેલ હોવાની બાતમી અમરેલી એલ.સી.બી. પોલીસને મળતાં દરોડો પાડી આરોપીને મુદામાલ સાથે ઝડપી પાડેલ તથા સાવરકુંડલા ગામે



રહેતા આરોપી પ્રશાંતસિંહ ઉર્ફે બુધો કિશોરસિંહ ચૌહાણ હાજર નહી મળી આવેલ આરોપી સામે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

# સત્તાધારી પક્ષ ભાજપનાં જિલ્લા પંચાયતનાં સદસ્ય વિપુલ દુધાતની ચીમકી

# રેતી ચોરી અને દારૂનું દુષણ બંધ ન થાય તો જનતા રેડની ચીમકી

### અમરેલી જિલ્લામાં કથિત રીતે ચાલતી રેતી ચોરી અને દારૂનાં વેચાણ અંગે મુખ્યમંત્રીને પત્ર પાઠવીને કરી રજૂઆત

### જિલ્લામાં સત્તા પક્ષનાં આગેવાનો દ્વારા અવારનવાર રેતી ચોરી અને દારૂનાં દુષણ સામે અવાજ ઉઠાવવામાં આવી રહ્યો છે

### જિલ્લા પંચાયતનાં સદસ્ય દ્વારા મુખ્યમંત્રીને વિગતવાર પત્ર પાઠવવામાં આવતાં ચકચાર મચી

### સત્તા પક્ષનાં આગેવાનનાં પત્ર બાદ રાજય સરકાર શું કાર્યવાહી કરે છે તેનાં પર સૌની નજર

અમરેલી, તા. ૯

જિલ્લા પંચાયતનાં સત્તાપક્ષનાં ભાજપનાં સદસ્ય વિપુલ દુધાત અને પોલીસ વિભાગ વચ્ચે દારૂ–રેતી ચોરી લઈને શરૂ થયેલ વિવાદમાં નવો વળાંક આવ્યો છે. તેઓએ મુખ્યમંત્રીને પત્ર પાઠવીને તેમની સાથે રખાતી કિન્નાખોરી સહિતની બાબતો રજૂ કરીને તપાસની માંગ કરી છે.

પત્રમાં જણાવેલ છે કે, લીલીયા તાલુકાનાં અલગ ગામો તથા લીલીયા નાવલી બજારમાં ખુલ્લેઆમ શાકભાજીની જેમ દારૂનું વેચાણ થતું હોય જે બાબતે લોકો દ્વારા અવારનવાર મૌખિક રજુઆતો કરવામાં આવતી હોય. જેના અનુસંધાને તા. ૨૭/૫/૨૦૨૫નાં રોજ સવારે આશરે સાડા નવ કલાકે ખુલ્લેઆમ દારૂ વેચતો ઈસમ બેઠો હોય જેનો મારા મોબાઈલ ધ્વારા વિડીયો રેકોર્ડ કરી ફેસબુકમાં પોસ્ટ કરેલ.

ત્યારબાદ લીલીયા પોલીસ સ્ટેશનનું એસપી ધ્વારા ઈન્સ્પેકશન હોય તે બાબતની જાણ લીલીયા તાલુકા ભાજપ કાર્યાલય પર થતાં તા. ૨૮/૫/૨૦૨૫ નાં રોજ લીલીયા પોલીસ સ્ટેશન ખાતે જિલ્લા પંચાયતના સભ્યો, તાલુકા ભાજપ પ્રમુખ, પૂર્વ તાલુકા ભાજપ પ્રમુખ, ડાયમંડ એસોસીએશનના પ્રમુખ, વેપારી મંડળના પ્રમુખ, વેપારી મંડળના પૂર્વ પ્રમુખો, મંડલના હાલના તેમજ પૂર્વ હોદેદારો, લીલીયા સરપંચ તથા સામાજિક આગેવાનો તથા પત્રકાર મિત્રો સાથે પીઆઈની ચેમ્બરમાં એસપીને રજુઆત કરવા ગયેલ. જેમાં શરૂઆતથી દરેક આગેવાનો સાથે ઉધ્ધતાઈભર્યુ વર્તન એસપી ધ્વારા કરેલ કે અલગ અલગ આગેવાનોને તું કોણ : તું શું છો ? જે રીતે આરોપીઓ સાથે પુછપરછ કરતા હોય તે રીતે વર્તન કરેલ અને પ્રશ્ન બોલો તેવું આગેવાનોને કહેતા આગેવાનોએ લીલીયા નાવલી બજારમાં કરીયાણાની દુકાન તથા



શાકભાજીની દુકાનો પાસે ખુલ્લેઆમ દારૂનું વેચાણ થતું હોય અને નાવલી બજારમાં ઘરની વસ્તુઓ ખરીદી માટે આવતી બહેન–દિકરીઓ માટે શરમ અનુભવાય તેવી શરમજનક બાબત છે અને છેલ્લા ૫ વર્ષમાં ૨૫ થી ૪૦ વર્ષના ૮૦ જેટલા યુવાનો દારૂના કારણે મૃત્યુ થયા હોવાની રજુઆત કરતા એસપી ધ્વારા દારૂ પીવે છે કોણ ? અને ખરીદી કોણ કરે છે ? ત્યારે આગેવાનોએ જણાવે કે, જે દારૂ પીવાની આદત હોય તે લોકો લેવા જતાં હોય છે અને પીતા હોય છે. ત્યારે એસપી ધ્વારા આગેવાનોને જણાવેલ કે, દારૂ પીતા હોય તે લોકોને તમે દારૂ બંધ કરાવો ત્યારે આગેવાનો ધ્વારા એસપીને જણાવેલ કે ખુલ્લેઆમ દારૂનું વેચાણ થાય તે અટકાવવું પોલીસની ફરજમાં આવે છે અને લીલીયામાં દારૂ વેચનારાનાને પોલીસની બીક/ડર હોવો જોઈએ તે નથી અને આ રજુઆત મહિલાઓ પ્રત્યેની અને મહિલાઓ હેરાન ન થાય તે માટેની હતી. પરંતુ એસપી ધ્વારા આગેવાનોને સંતોષકારક જવાબ આપેલ નહી અને આગેવાનોને જણાવેલ કે વિપુલ દુધાતને દારૂની રજુઆત કરીને રેતીનો ધંધો કરવો હોય એટલે આપને અહી લાવ્યા છે. ત્યારે આગેવાનો તેમજ પત્રકારો હોય તેણે એસપીને જણાવેલ કે આપની વાત ખોટી છે અને તે એવું કયારેય કરે નહી તેવી અમને ખાત્ર છે અને તે પોતે જાહેર જીવનમાં સેવાકીય પ્રવૃત્તિ કરે છે અને ડાયમંડ એસોસીએશનનાં પ્રમુખે જણાવેલ કે લીલીયા તાલુકા ભાજપનું કાર્યાલય કાર્યકર્તાઓ સાથે મળી ચલાવે છે. (અમોએ એસપીને કીધેલું કે આપના આક્ષેપો તદન ખોટા છે અને અમોએ ભુતકાળમાં પણ દારૂ અને રેતી બાબતની જનતા રેડ કરેલ છે). જેથી એસપી ધ્વારા લીલીયા તાલુકા ભાજપ કાર્યાલય કઈ રીતે ચાલે છે, ફંડ કયાંથી આવે છે તેની પણ તપાસ કરવાનું કહેલ. જેથી આગેવાનોને પોતાનું અપમાન થતું લાગતા ત્યાંથી આગેવાનો નીકળી ગયેલ.

વધુમાં જણાવેલ છે કે, લીલીયાના આગેવાનોએ કરેલ રજુઆત ખોટી હોત તો એ બાબતે એસપી તાત્કાલીક ખરાઈ કરાવી શકયા હોત પરંતુ તેઓએ ખરાઈ કરવાના બદલે ભવિષ્યમાં લોકશાહી ઢબે આવી કોઈપણ પ્રકારની રજુઆત ન થાય તેવું કરવા માટેનું કાર્ય કરેલ છે. પરંતુ લીલીયામાં કોઈપણ પ્રશ્ન હશે તો નિસંકોચ અમો આગેવાનો સાથે આવી રજુઆત કરતા રહીશું સરકારને વિનંતી છે કે તંત્ર ધ્વારા લોકશાહી ઢબે રજુઆત કરતા રોકવા માટેના કરવામાં આવેલ કૃત્ય માટે તપાસ કરવી જોઈએ.

ત્યારબાદ ટેલીફોનથી લીલીયા તાલુકા ભાજપ પ્રમુખે સમગ્ર ઘટનાક્રમ ધારાસભ્ય મહેશભાઈ કસવાલાને ધ્યારે મુકેલ અને અમોએ જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, નાયબ દંડક કૌશિકભાઈ વેરરિયા, સાંસદ/જિલ્લા પંચાયત પ્રમુખ ભરતભાઈ સુતરીયા તથા પ્રદેશમંત્રી/ધારાસભ્ય મહેશભાઈ કસવાલાને સમગ્ર ઘટનાક્રમ જણાવેલ ત્યારે ઉપરોકત આગેવાનોએ એસપી ધ્વારા થયેલ ગેરવર્તનની સમગ્ર હીકકત પ્રદેશ/સરકારમાં જણાવીએ છીએ તેવું કહેલ અને ત્યારબાદ આગેવાનો સાથે થયેલ વાત થયા મુજબ એસપી ધ્વારા આગેવાનો સાથે થયેલ ગેરવર્તન બાબતે પ્રદેશ/સરકારમાં મુખ્યમંત્રી, ગૃહમંત્રી તથા અન્ય આગેવાનોને ધ્યાને મુકેલ છે અને સરકાર ધ્વારા યોગ્ય પગલા લેવામાં આવશે તેવું કહેલ.

ત્યારબાદ અમો સામે ઈરાદાપૂર્વક કિન્નાખોરી/સંડોવણી કરવાનાં ઈરાદે તા. ૨૯/૫/૨૦૨૫ નાં રોજ સવારે ૭:૩૦ કલાકની આસપાસ ક્રાંકચ ગામે પીઆઈ અંદાજીત ૨૫ જેટલા પોલીસનો સ્ટાફ/કાફલો તથા ખાણ ખનિજ વિભાગનો સ્ટાફ ક્રાંકચ ગ્રામ પંચાયતનાં સરકારની અલગ–અલગ ગ્રાન્ટમાંથી વિકાસના કામો મંજુર થયેલ હોય તે કામ કરવા અંગેનો માલ મટીરીયલ પડેલ હોય ત્યાં આવી આ માલસામાન એનકેન પ્રકારે વિપુલ દુધાત/પરિવારનો હોય તેવા નિવેદનો ગ્રામજનો પાસે લેવાનો પ્રયત્ન કરેલ પરંતુ તેમાં સફળતા મળેલ નહી.

ત્યારબાદ અમો ધ્વારા તા. ૨૯/૫/૨૦૨૫ નાં સવારના રોજનો ઘટનાક્રમ ધારાસભ્ય મહેશભાઈ કસવાલા તેમજ નાયબ દંડક કૌશિકભાઈ વેકરિયા સમક્ષ ધ્યાને મુકેલ. ત્યારપછી બન્ને આગેવાનો સાથે વાત થતા જણાવેલ કે, અમોએ મુખ્યમંત્રી, ગૃહમંત્રી તથા અન્ય આગેવાનોને પોલીસ અને ખાણ–ખનિજ વિભાગ ધ્વારા ખોટી રીતે ઈરાદાપૂર્વક સંડોવણી કરવા એનકેન પ્રકારે પ્રયત્ન કરેલ છે તે બાબતથી વાકેફ કરેલ છે.

ત્યારપછી બપોર બાદ સોશ્યલ મીડિયાનાં માધ્યમથી અમોને જાણ થયેલ કે ડીવાયએસપી ધ્વારા પ્રેસ આઉટથી જાહેર કરેલ કે તા. ૨૬/૫/૨૦૨૫ નાં રોજ પુંજાપાદરથી એલસીબી પીએસઆઈ એમ.ડી. ગોહીલ ધ્વારા રેતીનું ટ્રેકટર પકડેલ હોય તેને વિપુલ દુધાત ધ્વારા છોડવા અંગેની ભલામણ કરેલ અને ટ્રાફિક અને અન્ય ભલામણ કરેલ છે. જે બાબતની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવામાં આવેલ છે. બીજી વિગતમાં ટ્રાફિક બાબતની ભલામણ કરે છે તેની સાચી હકીકત એવી છે કે લીલીયા તાલુકાના અલગ–અલગ પોઈન્ટ ઉપર મજુરો/રત્ન કલાકારો ઘરે આવવા જવાના સાંજના ૬ વાગ્ય આસપાસ મેમો આપવાની/ગાડી નજીવા કારણોસર ડીટેઈન કરવાની કે રૂપિયાની લેતીદેતી થતી હોવાની લોકો ધ્વારા જાણ કરતા હોય તે બાબતે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાને વારંવાર જાણ કરેલ છે અને એસપીને તા. ૨૪/૨/૨૦૨૫ નાં દિને ૨:૫૦ પીએમ કલાકે મોબાઈલ નં. ૯૯૭૮૪ ૦૫૦૬૩ પર મેસેજ ધ્વારા જાણ કરેલ હતી. અન્ય વિગતમાં જણાવેલ કે ખોટી ભલામણ કરતા હોય છે જેની હકીકત એવી છે કે અમો જિલ્લા પંચાયતના સદસ્ય છીએ અમારા વિસ્તારના લોકો અલગ–અલગ કામો માટે રજુઆત કરતા હોય છે. જે અનુસંધાને અમો પોલીસ સ્ટેશન લીલીયાનાં સંબધીત અધિકારીને જણાવતા હોઈએ છીએ કે કામ માટે આવતા વ્યકિતના કામ અંગે યોગ્ય કરવાની વાત જન પ્રતિનિધિ તરીકે કરતા હોઈએ છીએ જે વાતને ખોટી ભલામણો ગણી ખોટા આક્ષેપો કરેલ છે.

ત્યારબાદ અમો ધ્વારા ૧૦ જેટલા માણસો ધ્વારા રજુઆતો કરવા આવેલ હોવાનું જણાવેલ. પરંતુ તેની ખરી હકીકત એવી છે કે રજુઆત કરવા ગયેલા તેમાં જિલ્લા પંચાયતનાં સભ્યો, તાલુકા ભાજપ પ્રમુખ, પૂર્વ તાલુકા ભાજપ પ્રમુખ, ડાયમંડ એસોસીએશનના પ્રમુખ, વેપારી મંડળના પ્રમુખ, વેપારી મંડળના પૂર્વ પ્રમુખો, મંડળના હાલના તેમજ પૂર્વ હોદેદારો, લીલીયા સરપંચ, સામાજિક આગેવાનો, પત્રકાર મિત્રો તથા વેપારી અગ્રણીઓ જેવી વ્યકિતઓ હતા.

ત્યારબાદ તા. ૩૦/૫/૨૦૨૫ નાં રોજ અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, નાયબ દંડક કૌશિકભાઈ વેકરિયા, સાંસદ/જિલ્લા પંચાયત પ્રમુખ ભરતભાઈ સુતરીયા તથા પ્રદેશમંત્રી/ધારાસભ્ય મહેશભાઈ કસવાલાને લીલીયાના આગેવાનોએ એસપીને રજુઆતો કરવા ગયેલા. ત્યારે એસપી ધ્વારા કરેલ ગેરવર્તન તથા વિપુલ દુધાત/પરિવારને ઈરાદાપૂર્વક સંડોવવાનો પ્રયત્ન કરેલ હોય તે અંગેની તથા લીલીયાની દારૂ બાબતની સાચી પરિસ્થિતિ અંગે વાકેફ કરતા ઉપરોકત આગેવાનો ધ્વારા કહેવામાં આવેલ કે મુખ્યમંત્રી, ગૃહમંત્રી તથા અન્ય આગેવાનોએ કહેલ છે કે પોલીસ સામે કાયદેસર કાર્યવાહી થશે તેમ જણાવેલ.

ત્યારબાદ લીલીયા તાલુકામાં દારૂ અને રેતી બાબતે શું ચાલે છે તે બાબતની સરકારે હુમન રિસોર્સ ધ્વારા ખરી વિગત જાણવી જોઈએ અને અમરેલી જિલ્લામાં રેતી ચોરી બાબતે સાચી વિગત જાણવી હોય તો પોલીસ ધ્વારા અલગ–અલગ પોઈન્ટ ઉપર સીસીટીવી કેમેરા મુકવામાં આવેલ હોય જે સીસીટીવી કેમેરાઓની સામાજિક આગેવાનો, પત્રકાર મિત્રો તથા સરકારના પ્રતિનિધિની હાજરીમાં સીસીટીવી ફુટેજ નિહાળવા જોઈએ અને જેની સાચી વિગત સરકારમાં રજુ કરવી જોઈએ અને સરકારમાંથી પોલીસના સીસીટીવી ફુટેજને સ્ટોર (બેકઅપ) કરવા સુચના કરવી જોઈએ જેથી એસપી ડિલેટ કરે/કરાવે નહી.

અમરેલી એસપીની રહેમ નજર હેઠળ જિલ્લામાં જયાં જયાં પણ ગેરકારયદેસરની પ્રવૃત્તિ થતી હશે ત્યાં અમો લોકોનો અવાજ ઉઠાવીશુ અને આ પ્રકારે પોલીસથી ડરવાના નથી કારણ કે અમારે ગોરખધંધા કરવા નથી.

અમોની સરકારને વિનંતી છે કે આઈપીએસ નિર્લિપ્તરાયની રેન્જ ડીઆઈજી તરીકે નિમણૂંક કરવી જોઈએ જેથી દરેક પ્રકારના ખોટા ધંધાઓ બંધ થાય.

અમો તથા આગેવાનો ધ્વારા ભવિષ્યમાં જાણ કરવા છતાં આવા ખોટા ધંધા બંધ ન થાય તો અમે જનતા રેડ કરીશું અને જનતા રેડ સમયે કે ત્યારબાદ અસામાજિક પ્રવૃત્તિમાં સંકળાયેલા અસામાજિક તત્વો ધ્વારા કોઈપણ હુમલો કે નુકસાન કરે તો તેની સંપૂર્ણ જવાબદારી એસપી, ડીવાયએસપી તથા પીઆઈની રહેશે તેમ અંતમાં જણાવેલ છે.


શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત
(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)
શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ
ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧, મો. ૯૩૧૩૪ ૮૦૮૦૧
પ્રવેશની ઉત્તમ તક...
વર્ષ-૨૦૨૫માં ધો.૧૨માં ઉર્તિણ થનાર વિદ્યાર્થી ભાઈ/બહેનોને ખુબ...ખુબ... અભિનંદન...
શું આપ પ્રવેશની મુંજવણમાં છો ? વિદ્યાર્થીઓ અને વાલીઓની ચિંતા કરતી એકમાત્ર સંસ્થામાં ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે
પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીએ https://gcas.gujgov.edu.in પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.
F.Y.B.Com. SEMESTER-1 | S.Y.B.Com. SEMESTER-3 | T.Y.B.Com. SEMESTER-5 | M.Com. SEMESTER-1,3
- ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.
સુવિધાઓ
- તદન આધુનિક સુવિધા સજ્જ ત્રણ માળનું, સાધન સંપન્ન કલાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠ્ય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- નવી શિક્ષણ નીતિ મુજબના Accounting & Finance, Business Management, જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ આપવામાં આવે છે.
શ્રી ડો. એસ.પી. સિતાપરા, પ્રિન્સિપાલ, મો. ૯૪૨૬૨ ૪૩૨૫૦
વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક સવારનાં ૮:૦૦ થી ૧૨:૦૦ સુધી
www.mdscollege.org
શ્રીમતિ વનીતા બી. સીતાપરા, મેનેજીંગ ટ્રસ્ટી, મો. ૯૯૯૮૫ ૨૬૮૦૮



ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેક્સના સર્ટિફિકેટ, 12AB,80G, ઈન્કમ ટેક્સના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦,પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪



ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦






શું આપના કેમેરા, નોટ કાઉન્ટીગ મશીન,અથવા કોઈપણ ઈલેક્ટ્રોનિક આઈટમ ખરાબ છે ?
» CCTV કેમેરા, NVR,DVR વાયરલેસ સિકયુરીટી સિસ્ટમ
» ટેલીફોન,કોર્ડલેસ ફોન » Wi-Fi મોડેમ
» EPABX » નોટ કાઉન્ટીંગ મશીન
» L.E.D. T.V. (24" થી 85") » પ્રોજેકટર, અને ઘણું બધું...
હવે દરેક વસ્તુઓ હોલસેલ ભાવે મેળવો...
ફકત એક ફોન કરો અને તમારી દરેક સમસ્યાઓનું સમાધાન મેળવો..
Total Solution of Tele Comunication & Video Surveillance...
કમલેશ ટાંક – 98251 76163
પ્રિસીસન ટેલીકોમ
BS-૫,બીજા માળ,હરીરામ હોલસેલ માર્કેટ, હોટલ લોર્ડસ એન્જલની સામે,જુનું માર્કેટીંગ યાર્ડ, અમરેલી






ફ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...
મગડી ગુંદીના લાડુ
નાયલોન તથા વાટીદાળનાં ખમણ
પોચા-પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ
તેમજ અવનવા તાજા ફરસાણ મળશે
સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી
બટેટા વેફર્સ ■ કેળા વેફર્સ ■ ફરાળી ચેવડો
તેમજ અમારી
સ્પે. આઈટમ ફરાળી ચટણી
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ । મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫







### મહારાષ્ટ્રના કલ્યાણમાં રેલવે દૂર્ઘટના

# પુષ્પક એક્સપ્રેસમાં ચઢવાની હોડમાં પાંચ લોકો કચડાયા

## ટ્રેન કલ્યાણ જંક્શન પર ઉભી રહી ત્યારે ઓફિસ જનારા લોકો તેમાં ચઢવા માટે દોડ્યા, ભારે ભીડ અને ધક્કામુક્કીના કારણે આ અકસ્માત થયો હતો

મુંબઈ, તા.૯

મહારાષ્ટ્રના કલ્યાણમાં એક મોટી ટ્રેન દુર્ઘટના બની છે. સોમવારે (૯ જૂન) કલ્યાણ જંક્શન પર પુષ્પક એક્સપ્રેસમાંથી પાંચ મુસાફરો પડી ગયા. કહેવામાં આવી રહ્યું છે કે જ્યારે ટ્રેન કલ્યાણ જંક્શન પર ઉભી રહી ત્યારે ઓફિસ જનારા લોકો તેમાં ચઢવા માટે દોડી ગયા હતા. આ દરમિયાન ભારે ભીડ અને ધક્કામુક્કીના કારણે આ અકસ્માત થયો હતો. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ લોકો તેમની ઓફિસ પહોંચવા માટે દરરોજ ટ્રેનમાં મુસાફરી કરે છે. આ બધા આ ટ્રેનમાં ચઢે છે અને છત્રપતિ શિવાજી ટર્મિનલ (CST) તરફ જાય છે. સોમવારે, ઓફિસ સમય દરમિયાન, ટ્રેનમાં ચઢવા માટે ખૂબ જ ધસારો થયો હશે અને પછી ધક્કામુક્કી થઈ, જેના કારણે આ અકસ્માત થયો.

મધ્ય રેલવેના જણાવ્યા અનુસાર, બે લોકલ ટ્રેનો એકબીજાથી પસાર થઈ રહી હતી ત્યારે લટકતા મુસાફરો એકબીજા સાથે ટકરાયા ગયા. આ કારણે ૧૦-૧૨ મુસાફરો રેલ્વે ટ્રેક પર પડી ગયા. આ ઘટનામાં અત્યાર સુધીમાં ૬ મુસાફરોના મોત થયા છે. જ્યારે બે મુસાફરો હજુ પણ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જ્યારે અકસ્માત થયો ત્યારે શરૂઆતમાં એવું કહેવામાં આવ્યું હતું કે મુસાફરો પુષ્પક એક્સપ્રેસમાંથી પડી ગયા હતા. મધ્ય રેલવે માહિતી અધિકારી સ્વપ્નિલ નીલાએ જણાવ્યું હતું કે પુષ્પક એક્સપ્રેસનો આ સાથે કોઈ સંબંધ નથી.ભાજપ નેતા કિરીટ સોમૈયાએ કહ્યું કે મુમ્બ્રા કાલવામાં બનેલી ઘટના દુર્ભાગ્યપૂર્ણ છે. થાણેથી ડોંબિવલી વિસ્તારમાં જે ગતિએ વસ્તી વધી છે તે ગતિએ અમે પરિવહન વ્યવસ્થા વધારી શક્યા નથી. તેથી, દેવેન્દ્ર ફડણવીસ સરકારે મેટ્રોના કામ પર વધુ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. વૈકલ્પિક રસ્તાઓની ક્ષમતા વધારવાના પ્રયાસો ચાલી રહ્યા છે અને તે જ સમયે, થાણેને બાયપાસ કરીને દિવાળી સુધીમાં સીધો રેલ જોડાણ બનાવવા માટે તમામ કોચમાં ૧૫-૧૫ કોચ બનાવીને ક્ષમતા વધારવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તેમાં ૨-૫ વર્ષ લાગશે. આવા સમયે મુસાફરોએ આ શિસ્તનું પાલન કરવું જોઈએ તેવી વિનંતી

### મહારાષ્ટ્ર ચૂંટણીમાં ધાંધલીના આરોપથી વિવાદ

# રાહુલ ગાંધી જવાબ ઇચ્છતા હોય તો પત્ર લખે : ચૂંટણી પંચ

## ચૂંટણી પંચ જેવી બંધારણીય સંસ્થાઓ પાસે જવાબ માટે લેખિત રજુઆત જરૂરી હોવાનો દાવો

નવી દિલ્હી, તા.૯

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં ધાંધલી થઈ હોવાના આરોપો લગાવ્યા છે. સાથે જ ચૂંટણી પંચ પાસેથી જવાબ માગ્યો હતો. જોકે હવે ચૂંટણી પંચના સુત્રોએ કહ્યું છે કે રાહુલ પંચને પત્ર લખશે તો જ જવાબ આપવામાં આવશે.ચૂંટણી પંચના સુત્રોએ જણાવ્યું હતું કે રાહુલ ગાંધીએ જે આરોપો લગાવ્યા તેના ૨૪ કલાક બાદ પણ ચૂંટણી પંચને કોઈ પત્ર નથી લખ્યો કે મુલાકાત માટે સમય નથી માગ્યો. કોઈ પણ બંધારણીય સંસ્થા, ચૂંટણી પંચ પણ જ્યારે કોઈ લેખિત રજુઆત કરે ત્યારે જ જવાબ આપવામાં આવે છે. માટે રાહુલ ગાંધી હવે પોતાના આરોપોને લઈને લેખિતમાં રજુઆત કરશે ત્યારે જ તેમને જવાબ આપવામાં આવશે.

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ શનિવારે સમાચારપત્રોમાં લેખ લખીને આરોપ લગાવ્યો હતો કે ગયા વર્ષે મહારાષ્ટ્રમાં વિધાનસભાની જે ચૂંટણી યોજાઇ હતી તે લોકશાહીમાં ફ્રોડની બ્લૂપ્રિન્ટ હતી, હવે આ મેચ ફિક્સિંગનું બિહારમાં પણ રિપીટેશન થશે. રાહુલ ગાંધીએ મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં મતદાન કેન્દ્રના સાંજના સીસીટીવી ફૂટેજ માગ્યા હતા. રાહુલ ગાંધીના આ આરોપો વચ્ચે ચૂંટણી પંચના સુત્રોએ કહ્યું છે કે રાહુલ ગાંધી દ્વારા લેખિતમાં કોઈ જ રજુઆત નથી થઈ, જ્યારે તેઓ લેખિતમાં રજુઆત કરશે ત્યારે જવાબ અપાશે.

### ગુજરાતમાં કોરોનાના કેસોની સંખ્યા ૧૦૦૦એ પહોંચી

# દેશમાં કોરોના વાયરસના વધતા જતા કેસોએ ચિંતા વધારી દીધી

## દેશમાં સક્રિય કોરોનાના કેસનો આંક ૬૪૯૧ પર પહોંચી ગયો હતો : કેરળમાં લગભગ બે હજાર કેસ નોંધાયા

નવી દિલ્હી, તા.૯

દેશમાં કોરોના વાયરસના વધતા જતા કેસોએ ચિંતા વધારી છે અને સક્રિય કોવિડ કેસ ૬ હજારને વટાવી ગયા છે. ચાર સૌથી વધુ અસરગ્રસ્ત રાજ્યોમાં કેરળ, પશ્ચિમ બંગાળ, ગુજરાત અને દિલ્હીનો સમાવેશ થાય છે. અમદાવાદમાં એક ૧૬ વર્ષની છોકરીનું મોત થઈ ગયું છે. દેશમાં સક્રિય કોરોનાના કેસનો આંક આરોગ્યમંત્રાલયના રિપોર્ટ અુસાર ૬૪૯૧ પર પહોંચી ગયો છે. કેરળમાં લગભગ બે હજાર (૧૯૫૭) કેસ નોંધાયા છે. જ્યારે ગુજરાતમાં કેસ ૯૮૦ પર પહોંચી ગયા છે. દિલ્હીમાં પણ કોરોના કેસનો આંક ૭૨૮એ પહોંચી ગયો છે. મહારાષ્ટ્રમાં ૬૦૭ સક્રિય કોરોના દર્દીઓ છે અને કર્ણાટકમાં ૪૨૩ છે. છેલ્લા ૨૪ કલાકમાં ૩૫૮ નવા કોવિડ કેસ નોંધાયા છે. જાન્યુઆરીથી અત્યાર સુધીમાં, કોરોનાને કારણે ૬૫ મૃત્યુ થયા છે.


ગુજરાતના અમદાવાદમાં કોરોનાથી સંક્રમિત ૧૬ વર્ષની છોકરીનું મૃત્યુ થયું છે. આ છોકરીને ૪ જૂને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. તેને ખૂબ તાવ હતો. કોરોના ચેપની પુષ્ટિ થયા પછી, ડોક્ટરોએ તેનું લોહી પાતળું કરવા માટે કેટલાક ઈન્જેક્શન આપ્યા, પરંતુ તેને બચાવી શકાઈ નથી. ડોક્ટરોએ કહ્યું કે તે હેપેટાઈટિસથી પણ પીડિત છે. બાળકીના મૃત્યુ અંગે, GMERS મેડિકલ કોલેજ અને હોસ્પિટલના ઈર્ર ડૉ. કિરણ ગોસ્વામીએ જણાવે છે કે, "અમારી હોસ્પિટલમાં એક સોળ વર્ષની છોકરી દાખલ થઈ હતી જેનું મોત થયું છે. દર્દીને ૪ જૂને અમારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી, અને અમારા ડૉક્ટરે કહ્યું કે તેને COVID-19 ના લક્ષણો છે. તેને ખૂબ જ તાવ હતો અને અમે તેનું પરીક્ષણ કરાવ્યું, અને તેના બ્લડ સેમ્પલ પણ લેવાયા હતા. બધા પરીક્ષણો કર્યા પછી, તેનો રિપોર્ટ COVID-પોઝિટિવ આવ્યો હતો. દર્દી વેન્ટિલેટર પર હતી અને તેનું ઓક્સિજનનું સ્તર ઓછું હતું. અમે તેને બચાવી શક્યા નથી. દર્દીને હેપેટાઈટિસ પણ થયો હતો."

દેશમાં ફરી એકવાર કોરોના વાયરસનો ચેપ વધી રહ્યો છે. બધા રાજ્યોમાં કોરોનાના કેસ નોંધાયા છે. જો કે, આ વખતે મૃત્યુઆંક અથવા ચેપનો દર એટલો ઊંચો નથી. આ કારણે, સરકાર દ્વારા કોઈ ખાસ માર્ગદર્શિકા જારી કરવામાં આવી નથી. જો કે, કેરળ, ગુજરાત અને દિલ્હી જેવા રાજ્યોમાં વધુ કેસ છે. આવી સ્થિતિમાં, સરકારે જાહેર સ્થળોએ માસ્ક પહેરવાની અને બીમાર હોય તો બાળકોને શાળાએ ન મોકલવાની સલાહ આપી છે. આ સાથે, સ્વચ્છતાનું ખાસ ધ્યાન રાખવાની અપીલ કરવામાં આવી છે.

### તબીબી વિજ્ઞાન માટે સંશોધનનો વિષય

# સાવરકુંડલામાં ૮ વર્ષના બાળકની આંખની પાપણોમાંથી ૩૦ જીવતી જૂ નીકળી

## આ સર્જરી દરમિયાન બાળકની આંખમાંથી લગભગ ૩૦ જેટલી જૂ અને ૩૫ જેટલા જૂના ઈંડા પણ સફળતાપૂર્વક દૂર કરવામાં આવ્યા હતા



અમરેલી,તા.૯

અમરેલી જિલ્લાના સાવરકુંડલામાં એક અજીબોગરીબ ઘટના સામે આવી છે, જ્યાં ૮ વર્ષના એક બાળકની આંખમાં અસંખ્ય જૂ થઈ હોવાનું માલૂમ પડ્યું છે. સામાન્ય રીતે માથામાં જોવા મળતી જૂ બાળકની આંખમાં થઈ હોવાની આ ઘટનાએ તબીબી જગતને પણ આશ્ચર્યચકિત કરી દીધું છે.

મળતી માહિતી અનુસાર, બાળકને સતત આંખમાં ખંજવાળ અને અગવડતા થતી હોવાથી તેને સારવાર માટે લલ્લુભાઈ શેઠ આરોગ્ય કેન્દ્રમાં લાવવામાં આવ્યું હતું. અહીં ડોક્ટરોએ તપાસ કરતા બાળકની આંખમાં જીવતી જૂ જોઈને ચોંકી ઉઠ્યા હતા. તબીબ દ્વારા બાળકની જટિલ સર્જરી કરવામાં આવી હતી. આ સર્જરી દરમિયાન બાળકની આંખમાંથી લગભગ ૩૦ જેટલી જૂ અને ૩૫ જેટલા જૂના ઈંડા પણ સફળતાપૂર્વક દૂર કરવામાં આવ્યા હતા.

આ ઘટનાએ તબીબી વિજ્ઞાન જગતમાં પણ ભારે કુતૂહલ અને ચર્ચા જગાવી છે. ડોકટરો પણ અચંબિત છે કે માથામાં થતી જૂ આંખ જેવા સંવેદનશીલ અંગમાં કેવી રીતે પહોંચી અને ત્યાં જીવિત રહી શકી. આ કિસ્સો મેડિકલ જગત માટે વધુ તપાસ અને સંશોધનનો વિષય બન્યો છે.

હાલ, સફળ સર્જરી બાદ બાળક સંપૂર્ણપણે ખતરાની બહાર છે અને તેની તબિયત સુધારા પર છે. ડો. મૃગાંક પટેલ અને તેમની ટીમે સમયસર કરેલી આ જટિલ સર્જરી બદલ બાળકના પરિવારજનોએ તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.

બાળકની આંખમાંથી જૂ મળી આવવી એ પેડિક્યુલોસિસ પાલ્પેબ્રારમ નામની તબીબી સ્થિતિ સાથે સંબંધિત છે. આ એક એવી સ્થિતિ છે જેમાં વાળમાં થતી જૂ પાંપણો પર સંક્રમિત થાય છે.

આ એક પરોપજીવી સંક્રમણછે, જેમાં "જૂ" આંખની પાંપણો પર ચોંટી જાય છે અને ત્યાં ઈંડા મૂકે છે. સામાન્ય રીતે જૂ માથાના વાળમાં (હેડ લાઈસ) અથવા શરીરના વાળમાં (બોડી લાઈસ) કે પછી ગુપ્તાંગના વાળમાં (પ્યુબિક લાઈસ/ક્રેબ લાઈસ) જોવા મળે છે. આંખની પાંપણો પર જૂ થવી એ પ્રમાણમાં ઓછું જોવા મળે છે, અને મોટાભાગના કિસ્સાઓમાં તે પ્યુબિક લાઈસ (ગુપ્તાંગમાં થતી જૂ)ને કારણે થાય છે જે ત્યાંથી સ્થળાંતર કરીને આંખો સુધી પહોંચે છે. જો કે, હેડ લાઈસ (માથાની જૂ) પણ ક્યારેક પાંપણોને અસર કરી શકે છે. આ કિસ્સામાં "માથામાં થતી જૂ આંખમાં કેવી રીતે થઈ" તે ડોકટરો માટે તપાસનો વિષય છે.સામાન્ય રીતે માથાની જૂ (હેડ લાઈસ) આંખમાં ઓછી જોવા મળે છે. જ્યારે આંખમાં જૂ જોવા મળે છે, ત્યારે તે મોટે ભાગે પ્યુબિક લાઈસ હોય છે જે શરીરના અન્ય ભાગો, ખાસ કરીને ગુપ્તાંગ વિસ્તારમાંથી, હાથના સંપર્ક દ્વારા આંખો સુધી પહોંચી હોય છે. જો બાળકના કિસ્સામાં "માથામાં થતી જૂ" (હેડ લાઈસ)નો સ્પષ્ટ ઉલ્લેખ હોય તો તે થોડું અસામાન્ય છે અને તેથી જ તબીબો માટે આ સંશોધનનો વિષય બન્યો છે. જૂ કેવી રીતે સ્થળાંતર કરી અને આંખ જેવા સંવેદનશીલ ભાગમાં જીવિત રહી તે રસપ્રદ બાબત છે.

### રાજા હત્યાકાંડમાં માતાનો ખુલાસો

# સરખી રીતે વાત પણ નહોતી કરતી સોનમ, પતિને પહેલેથી જ હતી આશંકા

## સોનમની સાસુએ આ મામલે કહ્યું છે, જો મારો દીકરો ખીણમાં પડ્યો તો પણ સોનમ તેને બચાવવા માટે કેમ ન કૂદી?

ઈન્દોર, તા.૯

ઈન્દોરના રાજા રઘુવંશીના મર્ડર મિસ્ટ્રીના ખુલાસાથી બધા ચોંકી ગયા કે નવપરિણીત દુલ્હન સોનમ આટલો મોટો ગુનો કેવી રીતે કરી શકે! પોતાની પુત્રવધૂનું ઘરમાં ખૂબ આશાઓ સાથે સ્વાગત કરનારી સાસુ ઉમા રઘુવંશી હજુ પણ વિશ્વાસ કરી શકતી નથી કે સોનમ આવું કામ કરી શકે છે. સોનમની સાસુ કહે છે કે, મને બિલકુલ ખાતરી નહોતી કે સોનમ આવું કામ કરી શકે છે. અમે સોનમને દિલથી સ્વીકારી હતી, મારા દીકરા રાજાએ તેને દિલથી સ્વીકારી હતી.સોનમની સાસુ ઉમા રઘુવંશીએ આ મામલે કહ્યું છે, જો મારો દીકરો ખીણમાં પડ્યો તો પણ સોનમ તેને બચાવવા માટે કેમ ન કૂદી? જો મારો દીકરો સોનમની જગ્યાએ હોત, તો તે સોનમને બચાવવા માટે કૂદી પડ્યો હોત. મને ખબર નથી કે સોનમ તેની સાથે કેમ ન કૂદી. હું અંદરથી વિશ્વાસ કરી શકતી નથી કે સોનમ આવું કરશે. અમે તેના પર દિલથી વિશ્વાસ કર્યો હતો. મારા દીકરાએ તેના પર તેના દિલથી વિશ્વાસ કર્યો હતો. હવે સમાજ પરથી વિશ્વાસ ઉઠી ગયો છે. આજે જો સોનમને કંઈક થયું હોત, તો ઘણા પ્રશ્નો ઉભા થયા હોત. હવે ફક્ત સોનમ જ કહેશે કે તેણે હત્યા કરી છે કે બીજા કોઈએ કરી છે...અમને ખબર પણ નહોતી કે શિલોંગ શું છે. જ્યારે સોનમે કહ્યું કે, આપણે શિલોંગ જઈશું, ત્યારે મેં પૂછ્યું, શિલોંગ શું છે, હું ક્યારેય ત્યાં ગઈ નથી. મારી દીકરો ફક્ત તેના આગ્રહ પર જ ત્યાં ગયો હતો. આ કેસમાં, પહેલા ખબર પડી હતી કે રાજા અને સોનમ બંને એકબીજાને પસંદ કરતા હતા. પછી તેમણે લગ્ન કર્યા. હવે બંને પરિવારોના નિવેદનો બહાર આવ્યા છે. જે પછી તેમના અરેન્જડ મેરેજની વાત સામે આવી છે. સોનમના પિતા દેવી સિંહ આ કેસમાં કહે છે કે પરિવાર કે સોનમ અને રાજા લગ્ન પહેલા એકબીજાને ઓળખતા નહોતા. બંનેની સગાઈ લગ્નના ત્રણ મહિના પહેલા થઈ હતી. પરંતુ લગ્ન બંનેની મરજી મુજબ થયા હતા. હવે એક નવો વળાંક આવ્યો છે કે સોનમ રાજ કુશવાહને પ્રેમ કરતી હતી. બંનેનું લાંબા સમયથી અફેર હતું. પરંતુ પિતાએ જાતિને ધ્યાનમાં રાખીને તેની સાથે લગ્ન કરવાનો ઈનકાર કર્યો હતો. પરિવારના દબાણના કારણે જ સોનમે ઈન્દોરના ટ્રાન્સપોર્ટ બિઝનેસમેન રાજા રઘુવંશી સાથે લગ્ન કર્યા.સોનમની સાસુ કહે છે કે સગાઈ પછી જ્યારે અમને ખબર પડી કે સોનમ રાજાને સમય આપી શકતી નથી. રાજાએ કહ્યું કે, મને લાગે છે કે સોનમ મારામાં રસ લેતી નથી. આથી હું આ લગ્ન નથી કરવા માંગતો. તેથી અમે તેને ફોન કરીને પૂછ્યું, પછી સોનમે કહ્યું કે, ઓફિસમાં ઘણું કામ છે, મમ્મી. જો હું ફોન ન કરું તો શી રાજા પણ મને ફોન ન કરી શકે? તે અપન વાત કરી શકે છે, એવું નથી કે ફક્ત મારા ફોનની જ રાહ જોતા રહેશે.

સોનમની સાસુએ કહ્યું કે, સોનમ સાસરીમાં ફક્ત ચાર દિવસ જ રહી. તેનો રૂમ ઘરના ઉપરના માળે હતો. આ ચાર દિવસ દરમિયાન પણ તે ક્યારેક ક્યારેક જ નીચે આવતી, ક્યારેક ખાવા માટે અને ક્યારેક કોઈ કામ માટે, તેથી કંઈ સમજી શકાતું ન હતું. પરંતુ તેનું વર્તન સારું હતું, તે મમ્મી-મમ્મી કહેતા મને ગળે લગાવતી.

### સ્ટોકમાર્કેટમાં આજે પણ તેજી યથાવત

# સેન્સેક્સ ૨૫૬ પોઈન્ટ ઉછળ્યો, ગ્રીન ઝોનમાં બંધ થયું શેરબજાર

## બજાજ ફાઇનાન્સ, કોટક મહિન્દ્રા બેંક, એક્સિસ બેંક, જિયો ફાઇનાન્સિયલ, ટ્રેન્ટના શેર નિફ્ટીના ટોપ ગેઇનર્સની યાદીમાં

મુંબઈ, તા.૯

આજે સપ્તાહના પ્રથમ દિવસે શેરબજાર ગ્રીન ઝોનમાં બંધ થયું છે. વાસ્તવમાં આજે BSE પર સેન્સેક્સ ૨૫૬ પોઈન્ટના વધારા સાથે ૮૨,૪૪૫.૨૧ પર બંધ થયો. બીજી તરફ, ન્ફ્જીઈ પર નિફ્ટી ૦.૪૦ ટકાના વધારા સાથે ૨૫,૧૦૩.૨૦ પર બંધ થયો.

આજના ટ્રેડિંગ દરમિયાન બજાજ ફાઈનાન્સ, કોટક મહિન્દ્રા બેંક, એક્સિસ બેંક, જિયો ફાઈનાન્સિયલ, ટ્રેન્ટના શેર નિફ્ટીના ટોપ ગેઈનર્સની યાદીમાં સામેલ હતા. જ્યારે ICICI બેંક, ટાઈટન કંપની, M&M, ભારતી એરટેલ, એટરનલના શેર ટોપ લોઝર્સની યાદીમાં સામેલ હતા.

રિયલ્ટી સિવાય અન્ય તમામ ક્ષેત્રીય સૂચકાંકો લીલા નિશાનમાં ટ્રેડ થયા હતા. જેમાં આઈટી, પીએસયુ બેંકો ૧-૧ ટકા વધ્યા હતા. BSE મિડકેપ અને સ્મોલકેપ સૂચકાંકોમાં ૧ ટકાનો વધારો થયો હતો. સોમવારે ભારતીય રૂપિયો ૮૫.૬૩ પ્રતિ ડોલર પર સ્થિર રહ્યો હતો, જ્યારે શુક્રવારે તે ૮૫.૬૩ પ્રતિ ડોલર પર બંધ થયો હતો. બજારમાં ઉત્સાહનો માહોલ RBI દ્વારા રેપો રેટમાં ૫૦ બેસિસ પોઈન્ટ અને ઝઈઈમાં ૧૦૦ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરવાના પગલાથી ફેલાયો હતો. મજબૂત યુએસ જોબ રિપોર્ટથી વૈશ્વિક બજારોમાં તેજી જોવા મળી, જેનાથી આર્થિક મંદીની ચિંતા ઓછી થઈ.સપ્તાહના પહેલા દિવસે શેરબજાર ગ્રીન ઝોનમાં ખુલ્યું હતું. BSE પર સેન્સેક્સ ૩૮૫ પોઈન્ટના ઉછાળા સાથે ૮૨,૬૧૦,૭૦ પર ખુલ્યો હતો. બીજી તરફ ન્ફ્જીઈ પર નિફ્ટી ૦.૬૩ ટકાના વધારા સાથે ૨૫,૧૬૦.૧૦ પર ખુલ્યો હતો.

### પત્નીને દર મહિને ૫૦૦૦૦ રૂપિયા ભરણપોષણ

# ૧૭ વર્ષ જૂના છૂટાછેડાના વિવાદમાં સુપ્રીમનો ચુકાદો

## ભરણપોષણમાં દર બે વર્ષે પાંચ ટકાનો વધારો પણ કરવો પડશે પત્ની છૂટાછેડા બાદ અપરણિત અને સ્વતંત્ર રહે છે

નવી દિલ્હી, તા.૯

છૂટાછેડાના કેસમાં મહિલાઓના ભરણપોષણને લઈને સુપ્રીમ કોર્ટે એક મહત્વનો ચુકાદો આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે પતિને આદેશ આપ્યો હતો કે તે પત્નીને દર મહિને ૫૦૦૦૦ રૂપિયાનું ભરણપોષણ આપશે, એટલુ જ નહીં આ ભરણપોષણમાં દર બે વર્ષે પાંચ ટકાનો વધારો પણ કરવો પડશે. પતિના બીજા લગ્ન બાદ પ્રથમ પત્નીના પુત્રને પિતાની સંપત્તિમાં અધિકાર હોવાની સ્પષ્ટતા પણ સુપ્રીમે કરી હતી.અગાઉ આ જ મામલામાં કલકત્તા હાઈકોર્ટ દ્વારા ભરણપોષણની રકમ પ્રતિ માસ ૨૦૦૦૦ રૂપિયા નક્કી કરી હતી, જોકે તેનાથી પત્નીને સંતોષ નહોતો થયો અને તેણે હાઈકોર્ટના નિર્ણયને લઈને સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. સુપ્રીમ કોર્ટે કાયમી ભરણપોષણની રકમ પ્રતિ માસ ૫૦૦૦૦ રૂપિયા કરી આપી હતી. સાથે જ કહ્યું હતું કે આ કેસમાં પત્ની છૂટાછેડા બાદ અપરણિત અને સ્વતંત્ર રહે છે. તે લગ્ન દરમિયાન જે પ્રકારનું જીવન જીવી રહી હતી તે જ પ્રકારનું જીવન છૂટાછેડા બાદ પણ તેને જીવવાનો અધિકાર છે. પતિની આવકમાં સમય સાથે વધારો થયો છે, છૂટાછેડાનો આ મામલો ૧૭ વર્ષથી ચાલી રહ્યો હતો. ૧૯૯૭ માં બન્નેએ હિન્દુ રીતિ-રિવાજ મુજબ લગ્ન કર્યા હતા, ૧૯૯૮માં બન્ને વચ્ચે એક પુત્રનો જન્મ થયો હતો, ૧૦ વર્ષ બાદ એટલે કે વર્ષ ૨૦૦૮માં પતિ દ્વારા છૂટાછેડાની અરજી કરવામાં આવી, પત્નીએ પણ ભરણપોષણ માટે અલગથી કેસ દાખલ કર્યો. વર્ષ ૨૦૧૦માં સ્થાનિક કોર્ટે પત્નીને મહિને ૮૦૦૦ રૂપિયાનું ભરણપોષણ આપવા પતિને આદેશ કર્યો, બાદમાં ૨૦૧૪માં પત્નીને આઠ હજારની સાથે પુત્રને ૬૦૦૦ રૂપિયાનું ભરણપોષણ આપવા કહ્યું.સ્થાનિક કોર્ટના આદેશની અસંતુષ્ટ પત્નીએ હાઈકોર્ટમાં અપીલ કરી, કલકત્તા હાઈકોર્ટે ૨૦૧૫માં ભરણપોષણની રકમ વધારીને ૧૫ હજાર કરી આપી. બાદમાં ૨૦૧૬ માં પતિ દ્વારા દાખલ છૂટાછેડાની અરજી રદ કરી દીધી સાથે જ ભરણપોષણ વધારીને ૨૦ હજાર કર્યું, ૨૦૧૯માં હાઈકોર્ટે છૂટાછેડાને મંજૂરી આપી, પત્નીએ સુપ્રીમમાં અપીલ કરી હતી, સુપ્રીમે વચગાળાના આદેશમાં ૭૫૦૦૦નું ભરણપોષણ નક્કી કર્યું હતું જ્યારે અંતિમ આદેશમાં તેને ૫૦૦૦૦ કરી નાખ્યુ સાથે જ દર બે વર્ષે પાંચ ટકાનો તેમાં વધારો કરવા આદેશ આપ્યો હતો.

પત્નીએ એવી દલીલ કરી હતી કે જ્યારે ૨૦ હજાર રૂપિયા ભરણપોષણ હતું ત્યારે પતિની આવક ઓછી હતી, હવે પતિની આવક મહિને ચાર લાખ રૂપિયા છે. પુત્ર મારી સાથે રહે છે જેની દેખરેખ મારે રાખવાની હોય છે. સુપ્રીમ કોર્ટે દલીલોને માન્ય રાખી હતી અને આ આદેશ આપ્યો હતો. સુપ્રીમે પત્ની એકલી રહે છે તે ઉપરાંત મોંઘવારી અને પતિની વધી રહેલી આવકને ધ્યાનમાં રાખીને આ આદેશ આપ્યો હતો. જેમાં એવી સ્પષ્ટતા કરાઈ હતી કે એકલી રહેતી પત્નીનું ભવિષ્ય સુરક્ષિત રહે તે માટે આ આદેશ અપાયો છે.

### કાર સાથે ટક્કર થતાં મા-દીકરીને ઘરમાં ઘૂસી માર્યા

# ઉત્તર પ્રદેશમાં ભાજપના ધારાસભ્યની દીકરીની દાદાગીરી

## એક પક્ષની મહિલાએ બીજી મહિલાના ફ્લેટમાં પહોંચી અને તેની દીકરી તેમજ મહિલા સાથે મારપીટ કરી હતી

ગ્રેટર નોઈડા, તા.૯

ગ્રેટર નોઈડાની એક સોસાયટીમાં ગાડી અથડાયા બાદ મારપીટનો એક ઘટના સામે આવી છે. જ્યાં એક ગાડીએ પાછળથી બીજી ગાડીને ટક્કર મારી હતી, ત્યારબાદ એક પક્ષની મહિલાએ બીજી મહિલાના ફલેટમાં પહોંચી અને તેની દીકરી તેમજ મહિલા સાથે મારપીટ કરી., જેનાથી બંને ઈજાગ્રસ્ત થયા હતા. મળતી માહિતી મુજબ, મારપીટ દાદરીથી ભાજપ ધારાસભ્ય તેજપાલ નાગરની દીકરી પ્રિયંકા ભાટી અને તેમની મહિલા સાથી દ્વારા કરવામાં આવી હતી. હાલ, આ મામલે પોલીસે તપાસ હાથ ધરી છે. મળતી માહતી મુજબ, આ આખી ઘટના સૂરજપૂર પોલીસ સ્ટેશન વિસ્તારના પૂર્વાંચલ હાઈટ સોસાયટીનો છે. અતુલ કુમાર ગુપ્તાએ જણાવ્યું કે, મારી પત્ની અને દીકરી પાસેના માર્કેટમાં ગાડીથી ગઈ હતી. જ્યારે તે સોસાયટી તરફ આવવા લાગી તો તેમને રસ્તા પર ગાડી પાર્ક કરાવીને બે મહિલાઓએ રોકી દીધી. આ દરમિયાન મહિલાઓએ જણાવ્યું કે, તેમની ગાડીને ટક્કર મારવામાં આવી હતી. જોકે, જ્યારે મારી દીકરી અને પત્ની ઘરે આવ્યા તો થોડીવાર બાદ ત્રણ મહિલાઓ જબરદસ્તી મારા ઘરમાં ઘૂસી ગયા અને બંનેને મારવાનું શરૂ કરી દીધું. જેનાથી બંને ઈજાગ્રસ્ત થઈ હતી. ત્યારબાદ મહિલાઓ ઘટનાસ્થળેથી ભાગી ગઈ. જણાવવામાં આવી રહ્યું છે કે, મારપીટ કરનારી પ્રિયંકા ભાટીના પિતા દાદરી ધારાસભ્ય તેજપાલ નાગર છે. તેમની સાથે બીજી અન્ય મહિલા પણ હાજર હતી. જોકે, આ મામલે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. પોલીસે ઈજાગ્રસ્તોની મેડિકલ તપાસ બાદ આ મામલે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# કપિલ શર્મા શોમાં નવજોત સિંહ સિદ્ધુની ખતરનાક વાપસી થઈ

નવી દિલ્હી, તા.૯

કપિલ શર્મા હંમેશા લોકોને હસાવતો રહે છે. પહેલા તે ટીવી પર ધૂમ મચાવતો હતો અને હવે તે OTT પ્લેટફોર્મ પર ધૂમ મચાવી રહ્યો છે. કપિલ શર્માનો ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો OTT પર આવી ગયો છે. તેના શોની બે સીઝન રિલીઝ થઈ ગઈ છે અને બંને શાનદાર રહી છે. હવે ત્રીજી સીઝન આવવાની છે અને આ સીઝનમાં હંગામો થવાનો છે. પહેલા અર્ચના પૂરણ સિંહ આ શોને જજ કરતી જોવા મળી હતી. જો કે આ સીઝનમાં તેને પોતાની ખુરશી શેર કરવી પડશે કારણ કે હવે નવજોત સિંહ સિદ્ધુની વાપસી થવાની છે.નેટફ્લિક્સે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી છે જેમાં તેઓએ નવજોત સિંહ સિદ્ધુના પાછા ફરવા વિશે જણાવ્યું છે. તે અર્ચના સાથે બેસશે. જેના કારણે અર્ચના ચોંકી ગઈ છે. નેટફ્લિક્સે પ્રોમો શેર કર્યો અને લખ્યું - એક કુર્સી પાજી કે લિયે પ્લીઝ, હર ફનીવાર બધેગા હમારા પરિવાર, જેમાં નવજોત સિંહ સિદ્ધુ અને અર્ચના પૂરણ સિંહ વાપસી કરશે. ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શોની નવા સીઝન ૨૧ જૂનથી રાત્રે ૮ વાગ્યે ફક્ત નેટફ્લિક્સ પર શરૂ થશે.પ્રોમોમાં કપિલ શર્મા અર્ચના પૂરણ સિંહને આંખે પાટા બાંધીને લાવે છે અને કહે છે, બે સીઝન બેક ટુ બેક હિટ આપી છે, નેટફ્લિક્સ તમને એક સરપ્રાઈઝ આપી રહ્યું છે. તે કહે છે કે શું ઘર, કાર કે પછી શેર આપી રહ્યા છે. આ પછી કપિલ આંખેથી પાટા ખોલે છે અને નવજોત સિંહ સિદ્ધુ તેની સામે દેખાય છે. સિદ્ધુને જોઈને અર્ચના પૂરણ સિંહ ચોંકી જાય છે.

### ચીફ મેડિકલ ઓફિસર રુદ્રેશ કુટીકરને સસ્પેન્ડ કર્યા હતા

# હીરો બનવા નીકળેલા સ્વાસ્થ્ય મંત્રી વિશ્વજીત રાણેએ છેવટે ડોક્ટરની માફી માંગી

ગોવા, તા.૯

ગોવાના સ્વાસ્થ્ય મંત્રી વિશ્વજીત રાણેએ ગોવા મેડિકલ કોલેજ અને હોસ્પિટલ (GMCH)માં એક વરિષ્ટ ડોક્ટર સાથે થયેલા વિવાદ પછી જાહેરમાં માંગવી પડી છે. આ વિવાદ ત્યારે શરુ થયો જ્યારે રાણેએ શનિવારે GMCH ના ઈમરજન્સી વોર્ડમાં અચાનક નિરીક્ષણ કર્યું અને એક દર્દી સાથે કથિત રીતે દુર્વ્યવહાર કરવાના આરોપસર ચીફ મેડિકલ ઓફિસર (CMO) ડો. રુદ્રેશ કુટીકરને સસ્પેન્ડ કર્યા હતા.

આ ઘટનાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જે પછી રાણેને ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA) અને વિપક્ષી પક્ષો તરફથી આકરી ટીકાનો સામનો કરવો પડ્યો હતો. આરોગ્ય મંત્રી વિશ્વજીત રાણેએ મીડિયા સાથેની ખાસ વાતચીત કરતાં કહ્યું કે, હું IMAની માફી માંગવા માંગુ છું. મારો ઈરાદો સાચો હતો, પરંતુ મારા શબ્દો ખોટા હતા. હું માત્ર એક દર્દી માટે ઉભો રહ્યો. હું CMOની પણ માફી માંગવા ઈચ્છું છું. તેમણે એ પણ સ્પષ્ટતા કરી કે આ મુદ્દાને તેઓ રાજકીય રંગ આપવા નહોતા માંગતા. રાણેએ કહ્યું, હું તેને રાજકીય બનાવવા માંગતો નથી. હું દર્દીનું દુઃખ સમજું છું, કારણ કે મારી માતા પોતે કેન્સરથી પીડિત છે. હકીકતમાં શનિવારે વિશ્વજીત રાણેને એક વરિષ્ઠ પત્રકાર તરફથી ફરિયાદ મળી કે, તેમના સાસુ કે, જે હાલમાં એક વૃદ્ધ મહિલા છે અને સાયટિકાથી પીડાય છે, તેમને ય્સ્ઝ્રૐના ઈમરજન્સી વોર્ડમાં ઈન્જેક્શન આપવાનો ઈનકાર કરવામાં આવ્યો હતો. આ ફરિયાદના આધારે રાણેએ તાત્કાલિક કાર્યવાહી કરી અને ડૉ. કુટીકરને જાહેરમાં ઠપકો આપ્યો અને તેમને સસ્પેન્ડ કરવાનો આદેશ આપ્યો.

# રાજુલા શહેરમાં નવનાત સમસ્ત વણિક સમાજ દ્વારા સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો




રાજુલા શહેરમાં સર્વપ્રથમ વાર નવનાથ વણિક સમાજ દ્વારા સર્વ રોગ નિદાન કેમ જય અંબે મલ્ટી સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ ચાપરડાના ડોકટરોની વિશેષ સેવા અને વણિક સમાજ દ્વારા આ આયોજન સર્વો રોગ નિદાન મેગા કેમ્પનું કરવામાં આવેલ. આ નિદાન કેમ્પની શરૂઆત ચૈતન્ય લહેરી દ્વારા આમંત્રિત તમામ મહેમાનોને સલામી સાથે સ્વાગત કરી આ કાર્યક્રમના આમંત્રિત મહેમાનોના હસ્તે દીપ પ્રાગટય કરી અને આ કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલો સમગ્ર કાર્યક્રમ દરમ્યાન ચાપરડાના જય અંબે હોસ્પિટલના વિવિધ ડોકટરો આ નિદાન કેમ્પમાં હાજર રહેલા અને આ કેમ્પમાં અંદાજિત ૨૨૫ જેટલા દર્દીઓએ આ કેમ્પનો લાભ લીધો આ કેમ્પમાં સ્પેશિયલ એમ.ડી. દાંતના ડોકટર આંખના રોગના ડોકટર તેમજ એમ.એસ.જનરલ સર્જન કાન નાક ગળાના નિષ્ણાત ઓર્થોપેડિક હાડકાના નિષ્ણાંત ડોકટરો ખાસ હાજર રહેલા ત્યારે સમગ્ર કાર્યક્રમનું આયોજન સમસ્ત વણિક સમાજ રાજુલા દ્વારા કરવામાં આવેલું ત્યારે આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રોજેકટ ચેરમેન ગીતાબેન દ્વારા ઉઠાવવામાં આવેલી સમગ્ર કાર્યક્રમનું સંચાલન સુરેશભાઈ તારપરા દ્વારા કરવામાં આવેલું અંતમાં આવેલ તમામ ડોકટરોને મોમેન્ટો આપી અને ગુચ્છ આપી તમામ ડોકટરનું સ્વાગત કરવામાં આવેલું તેમ જ સાથે સાથે આ કાર્યક્રમમાં તન મન અને ધન જે કોઈ દાતા દ્વારા સાથ અને સહકાર મળેલો તે તમામ દાતાઓને પણ સન્માનિત કરવામાં આવેલા ત્યારે સમગ્ર કાર્યક્રમ દરમિયાન તમામ ડોકટરો શહેરના નગરજનો આમંત્રિત મહેમાનો તેમજ સમાજના તમામ અગ્રણી વ્યક્તિઓએ આ કાર્યક્રમમાં નામી અનામી તમામ લોકોએ જે કોઈએ સાથ અને સહકાર આપ્યો છે તે માટે તમામનો આભાર વ્યકત કરવામાં આવ્યો.

### વાહન અકસ્માતમાં કોર્ટ દ્વારા મંજુર થયેલ

# વળતરની રકમ મેળવવાથી વંચિત અરજદારોની ઓળખ પ્રક્રિયા શરૂ કરાઈ

### લાગતા-વળગતા અરજદારને સંપર્ક કરવા જણાવાયું

અમરેલી, તા.૯

સુપ્રિમ કોર્ટની એક સુઓમોટો રીટ પીટીશનમાં આપવામાં આવેલ માર્ગદર્શન મુજબ કુલ ૪૪૧ કેસોમાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા સ્પેશિયલ ડ્રાઈવ ચલાવીને તેવા અરજદારોની ઓળખ પ્રક્રિયા કરી, તે અરજદારો સુધી પહોંચીને તે વળતરની રકમ તેઓને મળી રહે તેવા પ્રયત્નો આરંભવામાં આવેલ છે.

વાહન અકસ્માતનાં કેસમાં ઈજા અથવા મૃત્યુનાં કિસ્સામાં અરજદાર દ્વારા વીમા કંપની પાસેથી વળતરની રકમ મેળવવા માટે મોટર એકસીડેન્ટ કલેઈમ ટ્રીબ્યુનલ સમક્ષ દાવો કરવામાં આવે છે. જેમાં ટ્રીબ્યુનલ દ્વારા પુરાવાઓનાં આધારે વળતર ચૂકવવાનો હુકમ કરવામાં આવે છે. પરંતુ ઘણા કેસોમાં ટ્રીબ્યુનલ દ્વારા મંજૂર કરવામાં આવેલ વળતરની રકમ કોર્ટમાં જમા થયેલ હોવા છતાં અરજદારો દ્વારા ટ્રીબ્યુનલમાંથી વળતર પ્રાપ્ત કરવાની હજુ સુધી પ્રક્રિયા કરવામાં આવી નથી.

પરંતુ અમરેલી જિલ્લાની મોટર એકસીડેન્ટ કલેઈમ ટ્રીબ્યુનલ દ્વારા વળતર મંજુર થયેલ હોવા છતાં પણ આજ દિન સુધી કેટલાંક અરજદારો કે તેનાં પરિવાર દ્વારા સદર વળતર મેળવવાની કોઈ પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ ન હોય એવા ઘણા કેસો છે.


આ પ્રક્રિયા ઝડપી અને સમય મર્યાદામાં પૂર્ણ કરવા માટે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, અમરેલી દ્વારા સત્તા મંડળનાં અધ્યક્ષ અને સેક્રેટરી દ્વારા સ્ટાફ તથા બેલીફની જુદી જુદી ટીમ બનાવમાં આવી છે અને ઉપલબ્ધ સરનામા ઉપર અરજદારોને નોટીસ ઈસ્યુ કરીને જાણ કરવામાં આવી છે.

આ તબકકે લાગતા - વળગતાને અપીલ કરવામાં આવે છે કે, જો કોઈ આવા અરજદારોને મંજૂર થયેલી વળતરની રકમ હજુ સુધી મેળવવાની બાકી હોય, તેવા અરજદાર જાતે અથવા તેનાં અધિકૃત વકીલ દ્વારા જિલ્લા અદાલત અમરેલી ખાતે નાઝીર બ્રાન્ચ, રૂમ નં.૧૧૩ ખાતે તાત્કાલીક સંપર્ક કરવો. આ બાબતે કોઈ કાયદાકીય માર્ગદર્શનની જરૂર જણાય તો જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા અદાલત, અમરેલીનો સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

# ચલાલા : રઘુવંશીસમાજનાં અગ્રણીનાં પુત્ર વધુનું નિધન થયુ

ચલાલા, તા.૯

ચલાલા રઘુવંશીસમાજ ના વેપારી અગ્રણી નરભેરામભાઈ મણિલાલ સોઢા ના પુત્ર વધુ અને તુષારભાઈ નરભેરમભાઈ સોઢા (એસ.ટી. કંડકટર)ના ધર્મ પત્ની મનીષાબહેન ઉ.વ.વર્ષ ૪૫નું ટુકી બીમારી બાદ તા.૯/૬/૨૦૨૫ને સોમવાર ના ચલાલા ખાતે દુઃખદ અવસાન થતા ચલાલા રઘુવંશીસમાજ સહિત અન્ય સમાજ દુખ ની લાગણી વ્યાપેલ છે. સદગત ની અંતિમ યાત્રામાં રઘુવંશીસમાજ સહિત દરેક સમાજ ના લોકો મોટી સખ્યામાં જોડાઈ દુખ ની લાગણી વ્યકત કરી તુષારભાઈ સોઢા પરિવાર ને સાંત્વના પાઠવી સોઢા પરિવાર પર ઓંચીતા આવી પડેલ દુખમાં સહુ સહભાગી બન્યા હતા.



સદગત મનીષાબહેન હસમુખા, મળતાવડમ અને લાગણીશીલ સ્વભાવ ના હતા. મનીષાબહેન મેહુલભાઈ ના ભાભી, અને દિપ તથા પ્રિયા ના માતૃથાય સદગત નું ઉઠમણુ તા.૧૨/૬/૨૦૫ ગરૂવાર સાંજના ૪ થી ૬ કલાક સુધી લોહાણા મહાજન વાડી ચલાલા રાખેલ છે.

### પ્રી-ખરીફ અભિયાન અંતર્ગત

# લાઠી અને ખાંભા તાલુકામાં વિકસિત કૃષિ સંકલ્પ કૃષિ રથ પહોંચ્યો

### વૈજ્ઞાનિક ડો. નેહા તિવારી સહિતનાં નિષ્ણાંતો જોડાયા

અમરેલી, તા. ૯

ભારત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય દ્વારા તા.૧૨ જૂન, ૨૦૨૫ સુધી પ્રી-ખરીફ અભિયાન અંતર્ગત વિકસિત કૃષિ સંકલ્પ કૃષિ રથ લાઠી તાલુકાના અડતાળા, માલવીયા પીપરીયા, અલી ઉદેપુર, પીપળવા અને ખાંભા તાલુકાના તાંતણીયા, ગીદરડી, ઘાવડીયા સહિતના વિસ્તારોમાં પહોંચ્યો હતો. આ વિકસિત કૃષિ સંકલ્પ યાત્રામાં અમરેલી કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. મીનાક્ષીબેન બારિયાના માર્ગદર્શન હેઠળ કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિક ડો. નેહા તિવારી, ડો. વી.એસ. પરમાર, ડો. એન.એમ. કાછડીયા અને ખેતી અધિકારી કવિતા ગઢિયા અને સુજીત બારિયા તેમજ યંગ



પ્રોફેશનલ પારસ ગજેરા દ્વારા ખેડૂતોને આધુનિક ખેતીની વિગતો તેમજ પ્રાકૃતિક ખેતીનો પ્રચાર-પ્રસાર કરવામાં આવે છે.

આ કાર્યક્રમમાં નિવૃત્ત વિસ્તરણ અધિકારી એ. એમ. શેખવા પણ હાજર રહી ખેડૂતોને માર્ગદર્શન કરે છે. બાગાયત અધિકારી લાડુમોર અને અક્ષય ચૌહાણ દ્વારા બાગાયતની યોજનાનો પ્રચાર-પ્રસાર કરવામાં આવ્યો હતો તેમજ ખેડૂતો પણ આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં જોડાયા હતા.

### સ્થાનિક સ્વરાજયની ચુંટણી

# અમરેલી જિલ્લામાં અંતિમ દિવસે સરપંચપદ માટે ૨૧૯ ઉમેદવારીપત્ર રજુ થયા

### જિલ્લામાં સરપંચપદ માટે કુલ ૩૩૬ ઉમેદવારીપત્રો રજુ

અમરેલી, તા.૯

અમરેલી જિલ્લામાં આગામી તા.૨૨ના રોજ ૨૮૯ જેટલી ગ્રામ પંચાયતની ચૂંટણીઓ યોજાનાર છે. જે અંગે ગત તા.૨ના રોજ સતાવાર રીતે જાહેરનામું પ્રસિપ્રધથતાંની સાથે જ ઉમેદવારીપત્ર ભરાવવાની પ્રક્રિયા શરૂ થઈ જવા પામેલ હતી. અમરેલીમાં આજે ઉમેદવારીફોર્મ ભરવાના અંતિમ દિવસે સરપંચના ઉમેદવાર માટે ૨૧૯ જયારે ગ્રામ પંચાયતના સભ્ય પદ માટેના ૧૦૩૮ ઉમેદવારીફોર્મ ભરાયા હતા. જયારે ઉમેદવારીપત્ર ભરવાની આજે છેલ્લી તારીખ હોય જિલ્લામાં સરપંચપદ માટે કુલ ૩૩૬ ઉમેદવારી પત્રો રજુ થયા છે. અને સભ્યપદ માટે કુલ ૧૫૫૬ ઉમેદવારીપત્રો રજુ થવા પામેલ છે. ભરાયેલા ઉમેદવારી પત્રકોની ચકાસણી આવતીકાલ તા.૧૦ જૂને થશે અને ઉમેદવારી પરત ખેંચવાની છેલ્લી તારીખ તા. ૧૧ જૂન રહેશે. જયારે આગામી તા.૨૨ જૂનના રોજ સવારે ૭ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી બેલેટ પેપરથી મતદાન થશે. અમરેલી જિલ્લામાં ૩૦૭ ગામોમાં પંચાયતની ચૂંટણીની જાહેરાત કરવામાં આવેલ હતી. આ માટે ગઈકાલે સોમવારથી ઉમેદવારીપત્રો ભરવાની શઢઆત થઈ જવા પામેલ હતી. જેના કારણે સ્થાનિક રાજકારણ ગરમાયું છે. તો બીજી તરફ બગસરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારની ગ્રામપંચાયતની ચૂંટણી વધુ એક વખત લંબાઈ છે. અમરેલી જિલ્લામાં બે કરતા પણ વધારે વષોથી ગ્રામ પંચાયતોની ચૂંટણી અદ્ધરતાલ હતી. અને ધારાસભાની તથા લોકસભાનની ચૂંટણી પુર્ણ થઈ જવા છતા પણ ગ્રામ પંચાયતોની ચૂંટણીની જાહેરાત થઈ ન હોતી. અનામત બેઠકોનું કોકડું ઉકેલાયા બાદ અંતે અમરેલી જિલ્લામાં ગામડાઓમાં ચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે. અમરેલી જિલ્લામાં મોટા ભાગના ગામોમાં ચૂંટણીના વિવાદોના બદલે સમરસતાથી ચૂંટણી યોજવામાં આવે તે માટે રાજકીય આગેવાનો દ્વારા કરાવત હાથ ધરવામાં આવી છે. અમરેલી જિલ્લામાં ભાજપના બહુમતવાળા ગામો સમરસ બને તેવી શકયતા છે. આ વચ્ચે બગસરા તાલુકાના ૨૯ ગામોમાં ચૂંટણી યોજવાની બાકી છે. તેમાં ચૂંટણી જાહેર થવાની હતી પણ વિસાવદર વિધાનસભા બેઠકની ચૂંટણી જાહેર કરવામાં આવી છે. તેમાં બગસરા તાલુકાના ગામોનો પણ સમાવેશ થાય છે. આ કારણે બગસરા તાલુકાના આ ગામોમાં ગ્રામ પંચાયતની ચૂંટણી મૂલતવી રાખવામાં આવી છે. તેથી ત્યા ગ્રામ પંચાયતોની ચૂંટણી પાછળથી યોજવામાં આવશે.

# ખાંભાનો યુવક અગ્નિવીર આર્મીમાં તાલીમ પૂર્ણ કરી માદરે વતન પરત ફરતા સ્વાગત




ખાંભા, તા. ૯

ખાંભા ક્ષત્રિય આહીર સમાજનો યુવાન વિજય મનુભાઈ ભૂકણ અગ્નીવીર આર્મીની તાલીમ પૂર્ણ કરી માદરે વતન પરત ફરતા જેથી ખાંભા શહેરમાં હરખ છવાયો હતો. જેથી ગ્રામજનોએ વાજતે ગાજતે ફૂલડે વધાવી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. સાથે જ ગામમાં ઉત્સવ જેવો માહોલ સર્જાયો હતો. વધુમાં અગ્નિવર આર્મીમાં જોડાય અને સફળતાપૂર્વક તાલીમ પૂર્ણ કરે યુવાન તેવી ગ્રામજનોએ શુભેચ્છા પાઠવી હતી. આ ભવ્ય સ્વાગતમાં ગ્રામજનોએ સંતોએ યુવાનને ફુલહાર પહેરાવી સાલ ઓઢાડી ભવ્ય સ્વાગત કર્યો હતો. ભવ્ય રેલીમાં ખાંભા શહેરના ગ્રામજનો વેપારીઓ ક્ષત્રિય આહીર સમાજના યુવાનો આગેવાનો તેમજ ખાંભા શહેરના સરપંચ તેમજ રાજકીય આગેવાનો સહિત ઉપસ્થિત રહ્યા હતા અને યુવાનને વધુમાં વધુ પ્રગતિ કરે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

### બસ-ટ્રક જેવા ભારે વાહનોએ વૈકલ્પિક રૂટ અનુસરવો

# અમરેલીનાં ચકકરગઢ રોડ સ્થિત રેલ્વે ફાટકની કામગીરી શરૂ કરાશે

### અન્ય માર્ગ પરથી પસાર થવા જાહેરનામુ પ્રસિધ્ધ

અમરેલી, તા.૯

અમરેલી શહેરના ચક્કરગઢ રોડ સ્થિત રેલવે ફાટક નં.૨૩ ખાતે એલ.એચ.એસ.ની કામગીરી ટૂંક સમયમાં શઢ થશે. આ સ્થિતિમાં સલામતીના ભાગરૂપે ભારે વાહનોએ વૈકલ્પિક રૂટ અનુસરવો. નાના અને હળવા વાહનો માટે કામચલાઉ ધોરણે ટ્રાફિક ડાયવર્ઝન કરવામાં આવ્યું છે. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, દિલીપસિંહ ગોહિલે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) હેઠળ જાહેરનામુ પ્રસિદ્ધ કર્યું છે. આ જાહેરનામા મુજબર વૈકલ્પિક રૂટ છે તે વાહન ચાલકોએ અનુસરવા. વૈકલ્પિક રૂટ ૧ : અમરેલી બાયપાસથી સાવરકુંડલા ચોકડી થઈને તથા નાના માચીયાળા બાયપાસ (ચિત્તલ રોડ) થઈને શહેરમાં પ્રવેશ કરવો. વૈકલ્પિક રૂટ ૨ : ફોરવર્ડ સર્કલ, હરિરામ બાપા સર્કલ, બીનાકા ચોક, સોમનાથ મહાદેવ મંદિરથી પાણી દરવાજા, ગઢની રાંગ પાસે થઈ બહારપરા પાછળનો ગાયત્રી મોક્ષ ધામ તરફ જતા રસ્તે અમરેલી સાવરકુંડલા રોડ પર અમરેલી પરા રેલવે ફાટક પસાર કરી સાવરકુંડલા ચોકડીથી પસાર થવું. આ જાહેરનામું તા.૨/૮/૨૦૨૫ સુધી અમલી રહેશે. હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧માં દર્શાવવામાં આવેલી શિક્ષાને પાત્ર રહેશે.

# કુંકાવાવ ખાતે આગામી ગુરૂવારે નેત્ર નિદાન કેમ્પ યોજાશે

કુંકાવાવ, તા. ૯

કુંકાવાવમાં તા. ૧૨/૬/૨૫ને ગુરૂવારના રોજ રાજકોટ રણછોડદાસ આશ્રમ હોસ્પિટલના ડોકટરોની ટીમ દ્વારા આખના રોગીનું નિદાન તેમજ જરૂરત મંદ દર્દીઓને મોતીયાના ઓપરેશન, નેત્રમણી વિનામૂલ્યે મૂકી આપવામાં આવશે. આ કેમ્પ અમરેલી રોડ પર આવેલી રામાણી હોસ્પિટલ ખાતે સવારે ૯ થી ૧૨ સુધી દર્દીને તપાસી મોતીયાન ઓપશરેશન માટે રાજકોટ લઈ જવા મુકી જવાની વ્યવસ્થા આશ્રમ દ્વારા કરવામાં આવે છે. આસપાસના ગામડાના વૃધ્ધ લોકો તેમજ આંખની તપાસ માટે વધુમાં વધુ લાભ લે તેવી આયોજકો દ્વારા અનુરોધ કરવામાં આવેલ છે.

વધુ જાણકારી માટે આયોજક મનુભાઈ ઉનડકટ ૯૮૨૯૯ ૯૪૬૩૬ ઉપર સંપર્ક કરવા જણાવાયુ છે.

# સાવરકુંડલા ખાતે ઈદુલ ઉલ અઝહાની ઉજવણી એકતા અને ભાઈચારાની લાગણી વચ્ચે સંપન્ન



સાવરકુંડલા ખાતે ઈદુલ ઉલ અઝહાની કોમી એકતા અને ભાઈચારાની લાગણી વચ્ચે સંપન્ન સાવરકુંડલા ખાતે પીર સૈયદ સરકાર મુનીરબાપુ કાદરીની આગેવાની નજરો કરમથી અત્રેની જુમ્મા મસ્જિદ ખાતેથી એક સવારી નીકળી હતી. આ સવારી શહેરના વિવિધ વિસ્તારમાં ફરી ઈદગાહ એ નમાજના રૂપમા ફેરવાઈ ગયેલ હતી. ત્યાં હજારો મુસ્લિમ બિરાદરોએ ઈદુલ ઉલ અઝાહા સામૂહિક નમાજ અદા કરી હતી અને ભારત દેશમાં કોમી એકતા અને ભાઈચારાની લાગણી જળવાઈ રહે દેશ પ્રગતિના શિખરો સર કરે તેવી દુઆ કરવામાં આવી હતી. સાદાતે કિરામ ઉલ્માંએ કીરામ વિવિધ જમાતના પ્રમુખો આગેવાનો હજારો સંખ્યામાં લોકોએ નમાજ અદા કરી હતી.

# લીલીયા મોટા ખાતે અમરેલી લોહાણા મહાજનના નવનિયુકત હોદ્દેદારોના સન્માન સમારોહ સાથે સરસ્વતી સન્માન કાર્યક્રમ યોજાયો





લીલીયા મોટા જલારામ મંદિર ખાતે રઘુવીર સેના દ્વારા આયોજીત દ્વિતિય સરસ્વતી સન્માન સમારોહ તેમજ અમરેલી લોહાણા મહાજનનાં નવનિયુકત હોદેદારોને સન્માનવા માટેનો કાર્યક્રમ યોજાયો આ પ્રસંગે લોહાણા સમાજનાં દરેક શ્રેષ્ઠીઓએ હાજરી આપી હતી. જેમાં સૌ પ્રથમ દીપ પ્રાગટય કરી આવેલ મહાનુભાવો દ્વારા કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ ત્યારબાદ અમરેલી લોહાણા મહાજનનાં નવનિયુકત પ્રમુખ કે જેઓને દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી ફોલો કરે છે તેમજ પોતાના ટવીટ મારફત હંમેશા સત્ય ઉજાગર કરવુ અને જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ એવા સન્માનનીય ડો. ભરતભાઈ કાનાબારનું લીલીયા લોહાણા મહાજનના પ્રમુખ હિતેશભાઈ કારિયા અને રઘુવીર સેનાના પ્રમુખ કિરીટભાઈ રવાણી દ્વારા મોમેન્ટો અને પુષ્પગુચ્છ આપી સન્માનિત કરવામાં આવેલ તેવી જ રીતે અમરેલી એકસપ્રેસના તંત્રી અને પૂર્વ ધારાસભ્ય સ્વ. ખોડીદાસ બાપા ઠકકરને આદર્શ માનનારા અને જેમની આદત મુજબ બોલવું કેમ લખવું જાજું અને સત્ય લખવું કોઈપણ પક્ષા–પક્ષી અને ડર્યા વગર સત્યને હંમેશા પોતાના ન્યૂઝ પેપર (છાપા)ના માધ્યમથી છાપવાની ટેવ ધરાવતા મનોજભાઈ રૂપારેલનું પણ આ તકે લીલીયા લોહાણા મહાજન સમાજ તેમજ રઘુવીર સેના દ્વારા સન્માન કરવામાં આવ્યું. આ તકે ડો. કાનાબાર દ્વારા પોતાના વકતવ્યમાં જણાવેલ કે સમાજને કયારે પણ જરૂર હોય ત્યારે યાદ કરજો અમરેલીની ટીમ અમારી માટે હાજર રહેશે આ તકે અમરેલી એકસપ્રેસના તંત્રી મનોજભાઈ રૂપારેલ દ્વારા પોતાના વ્યકતવ્યમાં સ્વ. ખોડીદાસ બાપા ઠકકરે યાદ કરી પોતાના આદર્શ ગણાવેલ અને ઉપસ્થિત સમાજને હાંકલ કરી કરી હતી કે સમાજમાં આઈ.પી.એસ. કે આઈ.એ.એસ. બાળકોને બનાવવા માટે જયારે જરૂર પડે ત્યારે યાદ કરજો અને સમાજ શિક્ષિત થાય અને સમાજના બાળકો ભણી અને ઉતીર્ણ થાય લોહાણા મહાજન સમાજનું ગૌરવ વધારે તેવી અપેક્ષા મનોજભાઈ રૂપારેલ દ્વારા સમાજ પાસે રાખવામાં આવી હતી. આ તકે આવેલ મહેમાન ભાવેશભાઈ સોઢા, અમરેલી જિલ્લા રઘુવીર સેનાના પ્રમુખ પ્રકાશભાઈ કારિયા, કાનાભાઈ મશરૂ, ઉપપ્રમુખ રઘુવીર સેના અમરેલી રાજુભાઈ પોદા, ગારીયાધાર મહાજનના પ્રમુખ સહિત વિવિધ સમાજના હોદેદારોને પુષ્પગુચ્છ અને સાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવેલ સાથે સાથે રઘુવીર સેના લીલીયા મોટા દ્વારા સરસ્વતી સન્માન કાર્યક્રમ યોજવામાં આવેલ જેમાં હોશિયાર વિદ્યાર્થીઓને આવેલ મહાનુભાવો દ્વારા સન્માનિત કરી બાળકોને કીટ વિતરણ કરવામાં આવેલ અને બાળકોના ઉજજવળ ભવિષ્યની કામના આવેલ મહાનુભાવો દ્વારા કરવામાં આવેલ આવા સુંદર કાર્યક્રમમાં તેજસ્વી બાળકોને આપવામાં આવેલ કીટમા દાતા કમળાબેન છબીલદાસ વિઠલાણી તેમજ જયેશભાઈ રસિકભાઈ ઉનડકટ દ્વારા બાળકોને સુંદર કીટ અર્પણ કરવામાં આવેલ તેમજ કાર્યક્રમના અંતે ભોજન પ્રસાદનું આયોજન રાખવામાં આવેલ હોય જેમના દાતા ગીરીશભાઈ નાનાલાલ કારીયા (ગિલાભાઈ) તેમજ કિશોરભાઈ મણીલાલ જોબનપુત્રા દ્વારા ભોજન પ્રસાદની આ તકે વ્યવસ્થા કરવામાં આવેલ આ સુંદર કાર્યક્રમને સફળ બનાવવા માટે રઘુવીર સેના તેમજ ભાવેશભઈ નાગ્રેચા, હરેશભાઈ સેજપાલ, શર્મિલ સાદરાણી, કાલૂભાઈ કારીયાએ જહેમત ઉઠાવેલ તેમજ આ સુંદર કાર્યક્રમનું સંચાલન કાનભાઈ શ્રધ્ધા સ્ટેશનરી વાળા તેમજ મનોજભાઈ સેજપાલ દ્વારા કરવામાં આવેલ તેમ ઈમરાન પઠાણની અખબાર યાદીમાં જણાવેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી જિલ્લાની શાળાઓમાં

આનંદના દિવસો પછી હવે તેઓ નવા પુસ્તકો, નવા મિત્રો અને નવા વિષયો શીખવા માટે આતૂર છે. ખાસ કરીને, નાના ભૂલકાઓ કે જેઓ જીવનમાં પ્રથમવાર શાળાનો અનુભવ કરવા જઈ રહ્યા છે, તેમની લાગણીઓ ભળી છે. કોઈક બાળકો શાળાએ જવા માટે અત્યંત ઉત્સુક હશે, તો કોઈકને પહેલીવાર શાળાએ જવાનો થોડો ભય પણ હશે. તેમના માતા–પિતા પણ પોતાના બાળકોને શાળાએ મોકલવા માટે સજજ છે, કોઈક ચિંતા સાથે તો કોઈક ગર્વ સાથે શાળાઓ દ્વારા પણ વેકેશન બાદ નવા સત્રને આવકારવા તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી હતી. શાળા સંચાલકો અને સ્ટાફે વિદ્યાર્થીઓના સ્વાગત માટે વર્ગખંડોની સફાઈ, ડેસ્ક અને બેન્ચની ગોઠવણી, શૈક્ષણિક સાધનોની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરી હતી તેમજ પ્રથમ દિવસે બાળકોને તિલક ચાંદલો કરી ચોકલેટ આપીને આવકારતા પણ જોવા મળેલ. જો કે જીવનમાં શાળાના પગથિયા પ્રથમ વખત ચડતાં બાળકોમાં થોડા હર્ષ સાથે ભય પણ હતો. નવું વાતાવરણ, નવા મિત્રો, નવા શિક્ષકો સાથે સંપૂર્ણ નાવિન્ય. પ્રથમ વખત પગથિયા ચડતાં બાળકોને શાળાનું કૌતુક એક અનોખી દુનિયામાં લઈ જતુ જોવા મળેલ.

આ ઉપરાંત, પીવાના પાણીની વ્યવસ્થા, શૌચાલયોની સ્વચ્છતા અને સૌથી મહત્વપૂર્ણ વિદ્યાર્થીઓની સુરક્ષા વ્યવસ્થાને પણ સુનિશ્ચિત કરવામાં આવી છે. ઘણી શાળાઓએ તો વિદ્યાર્થીઓને આવકારવા માટે વિશેષ કાર્યક્રમો અને સજાવટ પણ કરી હતી. પ્રથમ દિવસે જ બાળકોને ખુશનુમા વાતાવરણનો અનુભવ થયો હતો. જો કે આજે શાળાનો પ્રથમ દિવસ હોવાથી વિદ્યાર્થીઓની સંખ્યા પાંખી હતી. આમ આળસ મરડતાં મરડતાં બે ત્રણ દિવસમાં શૈક્ષણિક કાર્ય સંપૂર્ણ પૂર્વવત થઈ જશે.

### બાબરા

બાબરામાં વેકેશન પૂર્ણ થતાં શહેરની ખાનગી અને સરકારી શાળાઓમાં ફરી ધમધમવા લાગી હતી. સવારથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉત્સાહભેર શાળાએ જવા નીકળી પડયા હતા.

અહીં શાળામાં વિદ્યાર્થીઓને કુમકુમ તિલક સ્વાગત કરવામાં આવ્યું હતું. બાબરાની ગેલાણી વિદ્યાલય, વિવેકાનંદ વિદ્યાલય, પરીશ્રમ સ્કૂલ, તાલુકા શાળા, કન્યા શાળા સહિતની સરકારી અને ખાનગી શાળામાં વેકેશન પૂર્ણ થતાં રાબેતા મુજબ શૈક્ષણિક કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું. જોકે શાળામાં વેકશન ખુલવાનો પ્રથમ દિવસ હોવાથી વિદ્યાર્થીઓની પાંખી હાજરી જોવા મળી હતી.

## પાના ૮ ઉપરનું ચાલું પિતાએ નાના દીકરાને

એક ભણેલ–ગણેલ વ્યકિત હોય અને તેને મહેન્દ્રભાઈ અને નલીનભાઈ નામના બે દિકરા છે. જેના નામ આરોપી પોતે જાણવા છતાં પોતાની વડીલો પાર્જીત હીપાવડલી ગામની ખેડ ખાતા નં. ૧૩૦ની જમીનના (૧) બ્લોક/સર્વે નંબર ૧૬ પૈકી ૨ તથા (૨) બ્લોક/સર્વે નંબર ૨૭ પૈકી ૪ તથા (૩) બ્લોક/સર્વે નંબર ૫૬ પૈકી ૨ વાળી જમીનમાં પોતાના દિકરા એટલે કે રક્ષાબેનના પતિ નલીનભાઈને મીલ્કતમાં કોઈ હક્ક, હિત, હિસ્સો આપવો પડે નહી અને મીલ્કતનો સંપુર્ણ હક્ક પોતાના પ્રથમ દિકરા મહેન્દ્રભાઈને જ મળે તેવા મલીન ઈરાદાથી પોતાની હૈયાતીમાં હક્ક દાખલ કરવા સારૂ આરોપી લલીતભાઈ રણછોડભાઈના નામનું તા. ૧૧/૨/૧૧ ના રોજ હીપાવડલી ગ્રામ પંચાયત કચેરીએ તલાટી કમ મંત્રી રૂબરૂ નલીનભાઈની જગ્યાએ લલીતભાઈ નામનું ખોટી માહિતી વાળું પંચોની હાજરીમાં લલીતભાઈ પોતાનો દિકરો છે તેવું કથન કરી ખોટુ પેઢીનામું બનાવડાવી તે ખોટા પેઢીનામા આધારે પોતાની હૈયાતીમાં વારસાઈ નોંધ નં. ૧૫૬૦થી પડાવી નલીનભાઈ રણછોડભાઈ પટેલના ભાગની કાયદેસરની જમીનનો હક્ક હીસ્સો નહી આપી આરોપીએ નલીનભાઈ રણછોડભાઈ પટેલની મીલ્કતનો હક્ક હિસ્સો નષ્ટ કરેલ હોય અને આરોપીએ પોતાની વારસાઈ નોંધમાં નલીનભાઈની જગ્યાએ લલીતભાઈ નામની ખોટી ભુલથી નોંધ થયેલ છે તેવું જણાવી અને પોતાને લલીતભાઈ નામનું કોઈ સંતાન નથી. ખરેખર મારા બે દિકરા મહેન્દ્રભાઈ અને નલીનભાઈ છે તેવું લખાણ પુત્રવધુ રક્ષાબેન નલીનભાઈ પટેલને લખી આપશે તેવી લાલચ આપી પુત્રવધુ સાથે ઠગાઈ કરવાના ઈરાદાથી આવું લખાણ આજદીન સુધી લખી નહી કરી આપી પુત્રવધુ રક્ષાબેન નલીનભાઈ રણછોડભાઈ પટેલની કાયદેસરની જમીનનો હક હીસ્સો પોતાના પ્રથમ દિકરા મહેન્દ્રભાઈને આપી રક્ષાબેનને પોતાના કાયદેસરના હક્કથી વંચીત રાખી, નુકસાન કર્યા અંગેની ફરિયાદ પુત્રવધુ રક્ષાબેન નલીનભાઈ રણછોડભાઈ પટેલે (રહે. અમદાવાદ) પોતાના સસરા રણછોડભાઈ શામજીભાઈ કચ્છી સામે પોલીસમાં નોંધાવેલ છે.


શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)

સ્થળઃ–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ, અમરેલી -Ad 088

સંકુલ ધો. ૧૧–૧૨ કોમર્સ – ગર્લ્સ સ્કૂલ બપોર

સંકુલ ધો. ૧૧–૧૨ કોમર્સ – મિશ્ર સ્કૂલ સવાર

સંકુલ ધો. ૧૧–૧૨ કોમર્સ – ઈ.મી. સ્કૂલ સવાર

ગર્લ્સ સ્કૂલ માં – હોસ્ટેલ ગર્લ્સ & સિટી ગર્લ્સને પ્રવેશ

મિશ્ર સ્કૂલ માં – સિટી કુમાર & સિટી ગર્લ્સને પ્રવેશ


## પાના ૮ ઉપરનું ચાલું વેકરિયાનાં જન્મદિને સેવાકાર્ય

વિશિષ્ટ બાળકોને સ્કુલબેગ સહિતના કીટનુ વિતરણ કરીને બાદમાં જાળીયા ગામે કેન્દ્રીય મંત્રીની સંગાથે રહીને સિંદુર વનનુ લોકાર્પણ કર્યુ હતુ અને બાદમાં ચિતલ ખાતે ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓને શિક્ષણ કીટનું વિતરણ કર્યુ.

અમરેલી સિવિલ હોસ્પિટલમાં ગાયનેક વોર્ડમાં પ્રસુતાઓ અને નવજાત શિશુઓ એજયુકેશન કીટ મેડિકલ કીટ નાસ્તા કપડા રમકડાં સહિત વસ્તુઓનું વિતરણ કરવામા આવ્યુ બાદમાં સિવિલ હોસ્પિટલ પાસે એઈડ્સ રોગથી પીડાતા બાળકોને સ્કૂલ કીટનું વિતરણ કરવામાં આવ્યુ ત્યાર પછી કર્તવ્યમ કાર્યાલય ખાતે મહા રક્તદાન કેમ્પમાં ૨૫૧ બોટલ રકત એકત્ર કર્યુ અમરેલી શહેરમાં મણીનગર માનસિક વિકાસ કેન્દ્રમાં બાળકો માટે સ્કૂલબેગ તથા ભોજન સમારંભ અને મોટી કુંકાવાવમાં અલગ અલગ વિસ્તારમાં રાશન કીટ, વિતરણ શાળામાં એજયુકેશ કીટ વિતરણ, દવાખાનામાં ફ્રુટ વિતરણ, અજા વિસ્તારમાં બાળકો માટે કપડા ચપલ, રામરોટી ભોજનાલય ખાતે જરૂરિયાતમંદો માટે ભોજન સમારંભનું સહિતનું આયોજન કરવામાં આવ્યુંહતુ.

આ ઉપરાંત મહિલા વિકાસ ગૃહમાં બાળાઓને ચોપડા તથા પુસ્તકોનું વિતરણ, અમરેલી શહેરના જેસિંગપરામા સર્વરોગ નિદાન કેમ્પ, ૧૫૦થી વધુ સગર્ભા માટે મેડિકલ કીટ, યોગ કેમ્પ, આયુર્વેદિક ઔષધીઓ કીટ વિતરણ, શહેરની તમામ સરકારી અને પ્રાઈવેટ શાળાઓમાં ધોરણ ૧૦ અને ૧૨ના પ્રથમ ટોપર્સ વિદ્યાર્થીઓને સન્માન કાર્યક્રમ અને વિધા ઉપાસદ અભિવાદન સમારોહ યોજાયો . અમરેલી શહેરમાં અલગ અલગ સ્લેમ વિસ્તારમાં બાળકો માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

અમરેલી શહેરમાં બહેરા મૂંગા શાળાના ૭૦થી વધુ વિધાર્થીઓ માટે એજયુકેશન કીટ વિતરણ અને આ સિવાય કામધેનુ ગૌશાળા ખાતે લીલું નિરણ ગામમાં પાંચથી વધુ સામાજિક સંસ્થાઓ દ્વારા અલગ અલગ વિસ્તારોમાં જરૂરીયાતમંદ લોકો માટે ભોજન અને નાસ્તાની વ્યવસ્થાઓ કરવામાં આવી આ ઉપરાંત ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદાર અને સંગઠનના કાર્યકર્તાઓ સામાજિક સેવાકીય પ્રવૃત્તિઓ કરતા યુવા ગૃપ સંસ્થાના લોકો દ્વારા યુવા નેતા જન્મ દિવસની ઠેર ઠેર અલગ અલગ ગામડામાં અને શહેરમાં

## પાના ૧ ઉપરનું ચાલું ખાંભા પંથકનાં પરિણીત યુવકે

સંચાર ચાલેલ હતો. ત્યારબાદ પતિ–પત્નિ વચ્ચે અણબનાવ થતા તેમની પત્નિ મનીષાબેન રીસામણે પોતાના ઘરે બારમણ ગામે જતા રહેલ હતા. બાદમાં જયસુખભાઈએ પોતાની પત્નિ સાથે ઘર સંચાર ચલાવવા માટે જ્ઞાતીની રૂએ સમાધાન કરવાનો પ્રયત્ન કરેલ હતો. પરંતુ તેમનાં સસરા ભુપતભાઈ રામભાઈ મકવાણા, સાસુ દેવુબેન ભુપતભાઈ રામભાઈ મકવાણા અને તેમની પત્નિ મનીષાબેને સમાધાન કરેલ નહી. અને છુટા છેડા લેવા માટે જયસુખભાઈ પાસે અવાર–નવાર રૂપિયા દસ લાખની માંગણી કરેલ હતી. અને તેમને છુટાછેડા ન આપીને માનસીક ત્રાસ આપતા હતા.

મરણજનાર છુટાછેડા માટેની રકમ રૂપિયા દસ લાખ આપી શકે તેમ ન હોય, અને તેમનાં સાસુ, સસરા તથા પત્નિ પૈસાની માંગણી કરી મરવા માટે મજબુર કરેલ હોય, જેથી પોતાની જીંદગીથી કંટાળી જઈ સ્યુસાઈડનોટ લખી પોતાની પ્રેમીકા અફસાનાબેન સાથે ગત તા.૭ના રોજ રાત્રે ૮:૩૦ વાગ્યાના અરસામાં રાજુલા બસસ્ટેન્ડ ખાતે ઝેરી દવા પીજતા મોત નિપજેલ હતું.

આ બનાવમાં મરણજનાર જયસુખભાઈના ભાઈએ મૃતકના સસરા ભુપતભાઈ રામભાઈ મકવાણા, સાસુ દેવુબેન ભુપતભાઈ રામભાઈ મકવાણા અને તેમની પત્નિ મનીષાબેને સામે મરણજનારને માનસીક દુ:ખ ત્રાસ આપી મરવા મજબુર કરવા અંગેની પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

### જાહેર નોટિસ

આથી આ જાહેર નોટિસથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં અમરેલી તાલુકાનાં મોજે શેડુભાર ગામે આવેલ સી.સ.નં.૨૮૩ વાળી મિલ્કત ચો.મી.૪૧–૬૯ રેવન્યુ રેકર્ડમાં નાથાભાઈ, પરશોતમભાઈ, દિવાળીબેન, કડવીબેન, મનજીભાઈ તથા સ્વ. કરશનભાઈ મનજીભાઈના વારસદારો અંબાબેન કાળુભાઈ, પ્રભાબેન, કાંતુબેન, પુજાબેન તથા ગીતાબેન કરશનભાઈના નામથી નોંધાયેલ છે અને તેમના માલીક હક્કમાં ચાલે છે. સદરહું મિલ્કત અમારા અસીલ ખરીદ કરવા માંગતા હોય, સદરહું મિલ્કત અંગે કોઈપણ બેંક, સંસ્થા કે વ્યકિતનો કોઈપણ જાતનો હક્ક, હિત, હિસ્સો, ગીરો, કબજો, બક્ષીસ હોય તો આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયે દિવસ–૭ માં અમો નીચે સહી કરનાર પાસે લેખીતમાં રજુ કરશો. જો સમય મર્યાદામાં કોઈના તરફથી કોઈ વાંધા તકરાર રજુ થશે નહી તો સદરહું મિલ્કત પરત્વે કોઈને વાંધા તકરાર છે નહિ અને હોય તો તે સ્વૈચ્છાએ જતા (WAVE) કરેલ છે તેમ માની અમારા અસીલ સદરહું મિલ્કતનો કાયદેસરનો અવેજ ચુકવી સદરહું મિલ્કતના વહીવટકર્તા પાસેથી અમારા અસીલ વેચાણ કરાર સક્ષમ ઓથોરીટી સમક્ષ નોંધાવી કરાવી લેશે. ત્યારબાદ કોઈના કોઈપણ જાતના વાંધા, તકરાર રજુ થશે તો તે અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની નોંધ લેશો.

**અસીલની સુચનાથી**
તા. ૧૦/૦૬/૨૦૨૫
ફોરવર્ડ શોપીંગ સેન્ટર, દુકાન નં. ૧૩,
સિવીલ હોસ્પિટલ રોડ, અમરેલી.

**દેવેન્દ્રકુમાર સી. ખંભોળીયા (એડવોકેટ )**
**મોબાઈલ – ૯૮૨૫૫ ૨૭૧૦૧**

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૨૯ | ૧૦૫૨ |
| ૨ | શિંગ મોટી | ૭૨૧ | ૧૦૯૦ |
| ૩ | શિંગદાણા | ૧૪૦૦ | ૧૯૫૦ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૦૦૦ | ૧૪૩૦ |
| ૫ | તલ સફેદ | ૧૧૫૦ | ૨૪૦૦ |
| ૬ | તલ કાળા | ૧૭૦૦ | ૩૨૭૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૨૮૦ | ૨૧૩૫ |
| ૮ | બાજરો | ૩૦૦ | ૫૪૦ |
| ૯ | જુવાર | ૪૯૬ | ૭૫૧ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૩૬ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૩૦ |
| ૧૨ | મગ | ૮૦૦ | ૧૪૩૫ |
| ૧૩ | અડદ | ૧૩૭૦ | ૧૩૭૦ |
| ૧૪ | ચણા | ૮૦૫ | ૧૦૮૮ |
| ૧૫ | ચણા સફેદ | ૧૦૦૦ | ૧૦૮૪ |
| ૧૬ | તુવેર | ૯૦૦ | ૧૧૫૧ |
| ૧૭ | કપાસ | ૭૬૫ | ૧૫૭૧ |
| ૧૮ | એરંડા | ૧૦૭૫ | ૧૨૫૦ |
| ૧૯ | જીરૂ | ૨૨૭૫ | ૩૮૧૦ |
| ૨૦ | રાયડો | ૧૦૪૨ | ૧૦૪૨ |
| ૨૧ | ધાણા | ૧૦૧૦ | ૧૩૮૦ |
| ૨૨ | ધાણી | ૧૧૫૦ | ૧૨૮૦ |
| ૨૩ | અજમા | ૪૨૦ | ૧૪૨૫ |
| ૨૪ | મેથી | ૭૦૦ | ૮૯૦ |
| ૨૫ | સોયાબીન | ૫૦૦ | ૭૭૮ |
| ૨૬ | રજકાનું બી | ૪૪૨૫ | ૪૯૦૦ |
| ૨૭ | કાંગ | ૩૫૦ | ૩૫૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૦૫૧ |
| ૨ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૧૩૦ |
| ૩ | શીંગ ઉનાળુ | ૧૦૫૦ | ૧૩૧૦ |
| ૪ | શીંગ દાણા | ૧૧૦૦ | ૧૩૧૧ |
| ૫ | તલ સફેદ | ૧૪૦૦ | ૧૯૦૦ |
| ૬ | તલ કાળા | ૨૫૦૦ | ૩૦૯૧ |
| ૭ | જીરૂ | ૩૨૦૦ | ૩૬૯૦ |
| ૮ | કપાસ | ૧૪૦૦ | ૧૫૩૦ |
| ૯ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૩૮ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૮૦ |
| ૧૧ | બાજરો | ૩૫૦ | ૪૮૦ |
| ૧૨ | જુવાર | ૪૦૦ | ૮૦૦ |
| ૧૩ | મગ | ૧૧૫૦ | ૧૬૭૬ |
| ૧૪ | અડદ | ૧૧૦૦ | ૧૫૩૮ |
| ૧૫ | ચણા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ૧૬ | તુવેર | ૮૫૦ | ૧૧૫૮ |
| ૧૭ | એરંડી | ૧૧૦૦ | ૧૨૮૦ |
| ૧૮ | મેથી | ૭૪૦ | ૮૪૦ |
| ૧૯ | ધાણા | ૧૦૦૦ | ૧૩૦૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૫૦ | ૧૫૯૩ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૨૭૦ | ૧૪૧૦ |
| ૩ | મગફળી | ૯૬૫ | ૧૦૯૫ |
| ૪ | ઘઉં | ૪૭૦ | ૫૦૦ |
| ૫ | મગ | ૧૨૭૦ | ૧૪૧૦ |
| ૬ | તલ સફેદ | ૧૫૮૦ | ૧૯૬૦ |
| ૭ | તલ કાળા | ૨૪૬૦ | ૨૭૫૦ |
| ૮ | જીરૂ | ૨૯૧૫ | ૩૬૭૫ |
| ૯ | ચણા | ૧૦૫૨ | ૧૦૮૮ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૪૬૫ |
| ૨ | ઘઉં લોકવન | ૪૭૦ | ૫૧૩ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૪૮૪ |
| ૪ | ધાણા | ૧૦૦૦ | ૧૧૦૫ |
| ૫ | ચણા | ૯૫૦ | ૧૦૫૭ |
| ૬ | મકાઈ | ૪૯૦ | ૪૯૦ |
| ૭ | શીંગફાડા | ૧૦૧૦ | ૧૩૨૫ |
| ૮ | મગફળી | ૮૫૦ | ૯૧૦ |
| ૯ | તલ સફેદ | ૧૨૦૦ | ૨૦૧૦ |
| ૧૦ | સોયાબીન | ૭૦૦ | ૭૯૧ |
| ૧૧ | તુવેર | ૯૫૦ | ૯૫૦ |
| ૧૨ | મગ | ૯૫૦ | ૧૩૧૦ |
| ૧૩ | બાજરો | ૫૦૦ | ૫૦૦ |
| ૧૪ | એરંડા | ૧૧૩૦ | ૧૧૩૦ |
| ૧૫ | તલકાળા | ૨૦૦૦ | ૨૦૦૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૦૦ | ૧૦૧૮ |
| ૨ | તલ સફેદ | ૧૧૫૧ | ૧૯૪૮ |
| ૩ | તલ કાળા | ૨૦૦૦ | ૨૪૦૧ |
| ૪ | તલ પીળા | ૧૯૪૦ | ૧૯૪૦ |
| ૫ | કપાસ | ૮૦૦ | ૧૪૮૫ |
| ૬ | બાજરો | ૩૨૦ | ૪૫૨ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૨૧ | ૫૭૦ |
| ૮ | જુવાર | ૩૨૯ | ૯૯૧ |
| ૯ | મગ | ૧૦૫૧ | ૧૪૦૧ |
| ૧૦ | અડદ | ૧૧૮૪ | ૧૩૬૧ |
| ૧૧ | તુવેર | ૧૦૦૦ | ૧૦૮૦ |
| ૧૨ | ચણા | ૬૦૦ | ૧૦૮૯ |
| ૧૩ | જીરૂ | ૩૧૦૦ | ૩૧૦૦ |
| ૧૪ | ધાણા | ૮૦૦ | ૮૦૦ |
| ૧૫ | મેથી | ૬૬૦ | ૭૦૧ |
| ૧૬ | સોયાબીન | ૭૫૦ | ૭૭૦ |
| ૧૭ | રાય | ૧૧૪૧ | ૧૨૪૧ |
| ૧૮ | શીંગદાણા | ૧૧૦૦ | ૧૧૦૦ |

# લાઠી ખાતે રાજવી કવિ કલાપીની ૧૨૫મી પુણ્યતિથિ સ્મરણાંજલિ કાર્યક્રમ યોજાયો







લાઠી રાજવી કવિ કલાપીની ૧૨૫મી પુણ્યતિથી નિમિતે કલાપી તીર્થ સંગ્રહાલય ખાતે સ્મરણાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. લાઠીના પ્રાંત ઓફિસર નિરવ બ્રહ્મભટ્ટની વિશેષ ઉપસ્થિતમાં નાગરિકોએ કવિ કલાપીને પુષ્પગુચ્છ અર્પણ કરી સ્નેહ વંદન કર્યા હતા. કલાપી તીર્થ સંગ્રહાલયની મુલાકાતે આવતા કલાપીના ચાહકોને કવિતા જીવનકવનવિશેમાહિતીઆપતી સુંદર ડીકયુમેન્ટ્રી ફિલ્મનું પ્રસારણ પ્રાંત ઓફિસર નિરવ બ્રહ્મભટ્ટના શુભ હસ્તે કરવામાં આવ્યું હતું. કલાપીના પરમ ચાહક અને અભ્યાસુ રાજેશ પટેલ લિખિત દિગ્દર્શિત ''કલાપી ધ પોએટ ઓફ લવ'' ફિલ્મનું નિર્માણ ઘનશ્યામભાઈ શંકરના સૌજન્યથી કરવામાં આવ્યું છે અને લાઠી રાજવી પરિવારના સભ્યો અમેરિકાસ્થિત મતિ હર્ષાબા રસિકસિંહજી ગોહિલ અને સંજયસિંહજી તથા અજયસિંહજી ગોહિલના સહયોગથી હાઈટેક ટેલીવિઝન અને સાઉન્ડ સિસ્ટમ કલાપી તીર્થને ભેટ સ્વરૂપે આપવામાં આવી છે. કલાપી તીર્થ સંગ્રહાલયની મુળ કલ્પના અને સંરચના કરનાર એક સમયના અમરેલીના કલેકટર અને કવિ હૃદયી પ્રવિણભાઈ ગઢવીને અંજલિ આપી બે મિનિટનું મૌન પાળીને તેમના આત્માને પરમશાંતિ મળે એ માટે પ્રાર્થના કરવામાં આવી હતી. સમગ્ર કાર્યકમનું આયોજન લાઠી કલાપી તીર્થ સંગ્રહાલયના ટ્રસ્ટીઓ પૃથ્વીરાજ સિંહજી રાણા, મહેન્દ્રસિંહજી ગોહિલ, રવજીભાઈ ડાંગર, ધીરૂભાઈ રીઝીયા, શાંતિલાલ વિસનગરા, પ્રવીણચંદ્ર બુદ્ધ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યકમનું સંચાલન નરેશભાઈ સાગરે કર્યુ હતું.

### નિરાધારોનાં આધાર ગણાતા

## અમરેલીના તપોવન આશ્રમથી ઈફકોનાં અધિકારીઓ પ્રભાવિત

**તપોવનના સ્વપ્ન દ્રષ્ટા મુકેશ સંઘાણીને શુભકામના પાઠવી**




અમરેલી, તા.૯

ઈફકોના જનરલ મેનેજર યોગેન્દ્રકુમાર તથા પદાધિકારીઓએ સહિત સારહી યુથ કલબ ઓફ અમરેલી, સંચાલિત સારહી તપોવન આશ્રમની તા.૯/૬/૨૦૨૫ ના રોજ વિશિષ્ટ શુભેચ્છા મુલાકાત પધારેલ સંસ્થાની સેવાકીય પ્રવૃતિઓની વિગત મેળવી સંસ્થાની પ્રગતિ અંગે શુભકામના પાઠવી હતી. આ તકે સારહી પરિવાર વતી સારહી તપોવન આશ્રમના સ્વપ્ન–દ્રષ્ટા પ્રમુખ મુકેશભાઈ સંઘાણી, મતિ સેજલબેન સંઘાણી, હર્ષભાઈ સંઘાણી, મંત્રભાઈ સંઘાણી ઉપસ્થિત રહેલ.

સારહી પરિવાર દ્વારા જનરલ મેનેજર ઈફકો સહિતના પદાધિકારીઓનો હૃદય પુર્વક આભાર માનવામાં આવેલ.

### પૂ.બાલકદાસબાપુના હસ્તે વર્ગનો પ્રારંભ

## બાબરાની ખાનગીશાળામાં ધો.૯નાં વર્ગની મંજુરી મળતા વિધિવત પ્રારંભ

**શાળાનાં મુખ્ય ટ્રસ્ટી, અમરાપરા સરપંચ સહિતનાં અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં**




તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા,તા.૯

બાબરામાં પરિશ્રમ સ્કૂલને રાજય સરકાર દ્વારા માધ્યમિક શાળાની મંજૂરી આપવામાં આવતા આજે વેકેશન ખુલતાની સાથે ધોરણ – ૯ વર્ગો શરૂ કરવામાં આવ્યા હતા જેને હીરાણા આદેશ આશ્રમના પૂજય મહંત બાલકદાસબાપુ દ્વારા ખુલા મૂકી વિધાર્થીઓ તેમજ શિક્ષકોને શુભેચ્છાઓ અને આશીર્વાદ પાઠવ્યા હતા.

આ કાર્યક્રમમાં અમરાપરા ગામમાં સરપંચ અશોકભાઈ અસલાલીયા, શાળામાં ટ્રસ્ટી કલ્પેશભાઈ ભુવા અચાર્ય નંદા સહિત શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

### સ્થાનિક ભાજપનાં આગેવાનોએ

## ચલાલામાં ગરીબ પરિવારોનાં બાળકોને નાસ્તા કરાવીને નાયબ દંડકનાં જન્મદિનની કરી ઉજવણી

**રાજકીયક્ષેત્રે પ્રગતિનાં શિખરો સર કરે તેવી શુભેચ્છા પાઠવી**



ચલાલા, તા. ૯

ચલાલા ભાજપના આગેવાનો એ અમરેલી ના લોકપ્રિય ધારાસભ્ય કેશિકભાઈ વેકરીયા ના જન્મદિવસ ની ઉજવણી ઝુંપડપટ્ટી ના બાળકો ને નાસ્તો કરાવી કરી કૌશિકભાઈ નું આરોગ્ય તંદુરસ્ત મય રહે તેમની તમામ મનો કામનાપુર્ણ થાય અને રાજકીય ક્ષેત્ર મા ઉતરોતર પ્રગતિ થતી રહે તેવી કાર્યકરો એ પ્રભુ પ્રાર્થના કરી.ગુજરાત સરકારના મુખ્ય નાયબ દંડક અને અમરેલી વિધાનસભા ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાના જન્મદિવસની ચલાલાના ભાજપના કાર્યકર્તાઓ ઝુંપડપટ્ટી વિસ્તારમા જઈ ઝુંપડપટ્ટી વિસ્તારંમા રહેતા બાળકો અને ત્યાના લોકો ને ફુલ નાસ્તા ડિશ કરાવી ઉજવણી કરી હતી આ તકે ઉપસ્થિત ભાજપ કાર્યકાઓ એ ભારત માતા કી જય..વંદેમાતરમ..ના નારા જુસ્સાભેર લગાવ્યા હતા અમરેલી જીલ્લા ના હજજારો કાર્યકર્તાઓ ના દિલમા જેમનુ સ્થાન છે. એવા લોકનેતા કૌશિકભાઈ વેકરીયાના જન્મદિવસ નિમિતે ધારાસભ્યનું આરોગ્ય કાયમ તંદુરસ્ત મય રહે. લોકસેવા માટે વધુ મા વધુ શકિત પ્રાપ્ત થાય તેમની તમામ મનોકામના પૂર્ણ થાય તેમજ રાજકીય ક્ષેત્રમા ઉતરોતર અવિરત પ્રગતિ થતી રહે તેવી ઉપસ્થિત તમામ ભાજપ ના કાર્યકાઓ એ પ્રભુ પ્રાર્થના કરી નેતા ને અંભિનંદન સહ શુભકામનાઓ પાઠવી આંનદની લાગણી વ્યકત કરી જન્મદિવસની ઉજવણી કરી હતી આ તકે શહેર ભાજપ પુર્વ મહામંત્રી પ્રકાશભાઈ કારીયા,શહેર ભાજપના પૂર્વ ઉપ પ્રમુખ અને પૂર્વ સદસ્ય અશોકભાઈ કાથરોટીયા, વેપારી અગ્રણી કનુભાઈ મારૂ, ઉમેશભાઈ રાજા, અનુસુચિત જાતી ના શહેરભાજપ પ્રમુખ નીતિનભાઈ વાળા, વીજયભાઈ વાળા, મનસુખભાઈ રાઠોડ, કિશાન મોરચા શહેર ભાજપ પ્રમુખ ધનશ્યામ ભાઈ કાઠરોટીયા,બક્ષીપંચ મોરચાના કિશોરભાઈ પરમાર, રઘુવંશી યુવા અગ્રણી સંજયભાઈ કારીયા,ધર્મેન્દ્ર ભાઈ બારોટ સહીતના કાર્યકતાઓ ઉપસ્થિત રહી જન્મદિવસની ઉજવણી કરી આંનદ ની લાગણી વ્યકત કરી હતી.

### આકરા તાપ વચ્ચે મીઠા છાયાનાં આશરે પશુધન



બાબરામાં આકરા તાપ અને કાળઝાળ ગરમીમાં વૃક્ષોની મીઠી છાયાના આશરો લેતા પશુધન સિમ વિસ્તારમાં પશુધન ચારો આરોગી તાપ રક્ષણ મેળવવા વૃક્ષના છાયા હેઠળ રાહત મેળવતા નજરે ચડયા હતા.

### વાર્ષિક ફાયરિંગ પ્રેકિટસ થનાર હોય

## બાબરા : વાંકીયા ગામ સ્થિત ફાયરિંગ બટના ૧૦૦ મીટર વિસ્તારમાં અવરજવર પર પ્રતિબંધ

**જિલ્લા અધિક મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામુ પ્રસિધ્ધ**

અમરેલી, તા. ૯

બાબરા તાલુકાના વાંકીયા ગામ સ્થિત ફાયરિંગ બટ ખાતે તા.૨૧/૬/૨૦૨૫ સુધી રાજય અનામત પોલીસ દળ જૂથ–૮ ગોંડલ યુનિટની એકિટવ કંપનીઓની વાર્ષિક ફાયરિંગ પ્રેકિટસ થનાર હોય આ સ્થિતિમાં ફાયરિંગ પ્રેક્ટિસના સમયગાળા દરમિયાન તકેદારીના ભાગરૂપે ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૩(૧) બી હેઠળ અમરેલી જિલ્લા અધિક મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

તા.૨૧/૬/૨૦૨૫ સુધી ફાયરિંગ બટ માટે મુકરર થયેલી બાબરા તાલુકાના વાંકીયા ગામના સરકારી પડતર રે.સ.નં ૬૦૧, હે.૩–૮૮–૬૩ ચો.મીવાળી જગ્યા ફાયરિંગ બટ માટેની મુકરર જગ્યાને તાર ફેન્સીંગ કરી તેની બાહ્ય સીમા નક્કી છે તે મુજબ તે જગ્યાની ચારે તરફની બાહ્ય સીમાથી ૧૦૦ મીટરના અંતર સુધી રાહદારીઓની અવરજવર પર પ્રવેશબંધી છે. આ હુકમ ભંગ કરનાર વિરૂદ્ધ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ૧૩૧ મુજબ શિક્ષાત્મક કાર્યવાહી થશે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### કોંગી નગરસેવકે પ્રાદેશિક કમિશનરને પત્ર પાઠવ્યો

## અમરેલી પાલિકાએ ટેન્ડર ખોલ્યા વગર જ બોર સહિતનાં કાર્યો કરી લીધાનો આક્ષેપ

**રૂપિયા ૨.૧૫ કરોડનું ટેન્ડર ખોલાયુ પહેલા કામગીરી**

અમરેલી, તા. ૯

અમરેલી પાલિકાનાં વિપક્ષી નગર સેવક ઈકબાલભાઈ બિલખિયાએ પાલિકાનાં પ્રાદેશિક કમિશનરને પત્ર પાઠવીને ગંભીર આક્ષેપ કરેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી નગરપાલિકા દ્વારા શહેરમાં જુદા જુદા સ્થળે પાણીના બોર તથા પીવાના પાણી માટેના બોર (દાર) તથા અન્ય રૂ.૨,૧૫,૦૦,૦૦૦/–ના કામોનાં ટેન્ડર પ્રક્રિયા (આઈ.ડી. ૧૯૧૩૬૮) કરવામાં આવેલી હોય જેને ખોલવાની તા.૭/૬/૨૦૨૫ની હોય પરંતુ ભ્રષ્ટાચાર કરવા માટે પ્રમુખ તથા વહીવટદારએ આ કામના દાર તથા અન્ય વિકાસનાં કામો અગાઉ શહેરમાં જુદી જુદી કરી નાખેલ છે અને જેમના બીલ પણ લેવાઈ ગયેલ છે. આમ છતા જે તા.૭/૬/૨૦૨૫ના રોજ ટેન્ડર ખોલવાના હોય જે ટેન્ડરના કામ અગાઉ કરીને પાલિકા પ્રમુખ, બાંધકામ એન્જીનીયર, એકાઉન્ટન્ટ તથા વહીવટદારએ મોટો ભ્રષ્ટાચાર આચરેલ છે. આ બાબતની તપાસ યોગ્ય રીતે તાત્કાલીક ધોરણે થવી જોઈએ અને આ ટેન્ડર રદ થવુ જોઈએ તેમજ આ કામના બાકી રહેતા બીલો, ચુકવાઈ ગયેલા બીલો જે તે એજન્સી અથવા કોન્ટ્રાકટર પાસેથી વસુલ કરવા જોઈએ. આમ નહી કરવામાં આવે તો અમારે કાયદાકીય કાર્યવાહી કરવાની ફરજ પડશે. અમો અરજદાર પાસે આ કામ થઈ ગયેલા હોય તેના તમામ પુરાવાઓ અમારી પાસે હોય જે અમો વિઝીટ કરી રજુ કરવા માટે તૈયાર અને સંમત છીએ. જોકે પાલિકા પ્રમુખ બિપિનભાઈ લીંબાણીએ જણાવ્યુ છે કે આક્ષેપો પાયાવિહોણા છે. અને ટેન્ડર વગર એક પણ રૂપિયાનું કામ કરવામાં આવ્યુ નથી. તેમ અંતમાં જણાવેલ છે.

### એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી

અપીલ અરજી નં. ૩૪/૨૦૨૫

**અરજદાર :** શ્રી કરીમશા મતલબશા બાનવા
સરનામું : રહે. પુરબીયાવાડ, પાણી દરવાજાની પાસે, અમરેલી, તા. / જિ.અમરેલી.
**એડવોકેટ : ઈમ્તિયાઝ એ. બલોષ**

:: વિરૂધ્ધ ::

**સામાવાળા :** જન્મ – મરણ નોંધણી અધિકારીશ્રી, – વ –ચિફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી, મુ.અમરેલી, તા./જિ.અમરેલી.

**-: જાહેર નોટીસ :-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં **કરીમશા મતલબશા બાનવા** તેમના પુત્ર **શ્રી સબીરશા કરીમશા બાનવાનો જન્મ (તા.૨૮/૧૦/૧૯૯૦)**ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપકરોત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા, તકરાર હોય તો તેમણે આ નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખ્યત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. **૨૮–૦૫–૨૦૨૫** ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સિક્કો

(એચ.એમ.તલાટી)
એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
અમરેલી શહેર

અમરેલીનું સૌ પ્રથમ પ્લેહાઉસ અને ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ ( ૨૦૦૨ થી )


'ઈસ્કૂલી લાઈવ બુક' દ્વારા બાળકોને અભ્યાસ માટે હવે સંપુણ આઝાદી ભણશે ગમે ત્યારે, ગમે એટલીવાર

આપના મોબાઈલમા QR કોડ સ્કેન કરો

છેલ્લા ૨૦ વર્ષથી બાળકોને ભાતીગળ સંસ્કૃતિની વિરાસત સાથે આધુનિક ટેકનોલોજી દ્વારા શિક્ષણ આપી બાળકોની કારકિર્દી માટે મદદરૂપ બનતી અમરેલી શહેરની એક અને એકમાત્ર સ્કૂલ, હવે ૨૧ મી સદીના ડીજીટલ યુગમાં એક નવા જ રીસર્ચ દ્વારા અમો લાવ્યા છીએ 'ઈસ્કૂલી' ડીજીટલ અભ્યાસક્મ જેના કારણે બાળકો અભ્યાસમાં પરફેકટ બની શકસે. ઓફ લાઈન સાથે હવે ડીજીટલ માધ્યમ પણ ઉપલબ્ધ ...

શરૂ થતાં નવા સત્ર માટે... પ્રવેશ શરૂ

પ્રવેશ માટે સવારે ૯:૦૦ થી ૨:૦૦ સુધીમાં રૂબરૂ સંપર્ક કરો



કોઈપણ સ્કૂલ બાળકોને એકજવાર અભ્યાસ કરાવે છે. જયારે ડીજીટલના માધ્યમ (સ્કેન એન્ડ લર્ન) તથા મોબાઈલ એપ દ્વારા બાળકોને અનેકવાર અભ્યાસ કરાવી ઓનલાઈન ટેસ્ટ અને રીવીઝન દ્વારા બાળકોને પરફેકટ બનાવતી શહેરની એકમાત્ર સ્કૂલ

CBSE પદ્ધતિ મુજબનું શિક્ષણ જેથી કોઈપણ મેગાસીટીમાં અભ્યાસ માટે સક્ષમ બની શકે




મેટ્રોપોલીટીન શહેરો જેવી સુવિધા ધરાવતી અમરેલીની એકમાત્ર સ્કૂલ

- કોમ્પ્યુટર લેબની સુવિધા
- સાયન્સ લેબ
- લેન્ગવેજ લેબ
- ઓડિયો વિડીયો એજ્યુકેશન
- લાગણી સભર પ્રેમાળ સ્ટાફ
- મિનરલ વોટર
- ફાયર સેફ્ટી બિલ્ડીંગ
- કેમેરા દ્વારા સુરક્ષા
- સ્કૂલ બસ ની સુવિધા
- એજ્યુકેશન ટોય્સ
- ફેસ્ટિવલ સેલિબ્રેશન
- ઓનલાઈન એપ
- ઓનલાઈન ટેસ્ટ
- વૉટ્સએપ રિપોર્ટ
- પેરેન્ટ્સ મિટિંગ
- મધર્સ ટ્રેનિંગ
- પેરેન્ટ્સ સેમિનાર
- ડિજિટલ બુક્સ
- રીવીઝન માટે મોબાઈલ એપ
- ઈન્ટરેક્ટિવ ક્લાસરૂમ
- પેરેન્ટ્સ દ્વારા ટેસ્ટ

અન્ય સ્કૂલોની વિચારધારા જયાં પુરી થાય, ત્યાંથી સનફલાવરનું શિક્ષણ શરૂ થાય છે...

PLAY HOUSE @ L.K.G. @ U.K.G. ધોરણ ૧ થી ૮ સુધી

SUNFLOWER™ Preschool

લાઠી રોડ, કાર વર્લ્ડ શો રૂમ પાછળ, અમરેલી. મો. ૯૪૨૮૭ ૦૮૮૮૦
sunflowerpreschool.in

હવે... બદલાશે સારવારની પરીભાષા
(ગોળ હોસ્પિટલ)
હવે આપના અમરેલીમાં એમ.એસ ઓર્થોપિડિક ડોક્ટર નિયમિત મળશે
સોમવાર થી શનિવાર સમય : સવારે ૦૯:૩૦ થી ૦૨, સાંજે ૦૫ થી ૦૮
- તમામ પ્રકારના ફ્રેક્ચરનું સચોટ નિદાન તથા સારવાર.
- સ્નાયુ, હાડકા, સાંધા, મણકા, ગરદન, કમર વગેરેના દુ:ખાવા અને શરીરના કોઈપણ ફ્રેક્ચર તથા અકસ્માત (ટ્રોમા) કેસ માટે તાત્કાલિક સારવાર ઉપલબ્ધ.
- ઔદ્યોગિક કારખાનામાં થતી હાથની ઈજાઓ માટેની સારવાર.
- કમર તથા મણકાના દર્દનું નિદાન તથા સારવાર.
- સંધિવા તથા સાંધાના દુ:ખાવાના રોગોનું યોગ્ય નિદાન અને સારવાર.
- જન્મજાત ખોડખાંપણ માટે નિદાન અને સારવાર ઉપલબ્ધ
- રમત-ગમત દરમિયાન થતી ઈજાઓ માટેની સારવાર.
- ગોઠણ (Hip Replacement) અને ગોઠણ બદલાવવાના ઓપરેશન (TKR) આયુષ્માન કાર્ડ અંતર્ગત મફત કરી આપવામાં આવશે.
- ઢાંકણીના ઓપરેશન ઓર્થોસ્કોપી (દૂરબીન) દ્વારા કરી આપવામાં આવશે.
24/7 Emergency Services
Dr. Krunal Thakrar
M.S., DNB (ORTHO)
Orthopedic & Joint Replacement Surgeon
NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૦/૨૩૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629

## કેન્દ્રીય મંત્રી અને પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટિલની સરપ્રાઈઝ વિઝિટની વચ્ચે

# અમરેલીનાં ધારાસભ્ય કૌશિક વેકરિયાનાં જન્મદિને સેવાકાર્ય

**યુવા નેતાનાં જન્મદિને સેવાકીય સંસ્થાઓ દ્વારા બાળકોને કીટ વિતરણ કરવામાં આવ્યું**

**યુવા નેતાએ જન્મસ્થાન દેવરાજીયા ખાતેથી ભુલકાઓ સાથે ઉજવણીનો કર્યો પ્રારંભ**

**જાળીયા ગામે સિંદૂર વનનું લોકાર્પણ પણ કરવામાં આવ્યું**

**સમગ્ર ગુજરાતમાંથી યુવા નેતાને જન્મદિનની શુભકામનાઓ પાઠવવામાં આવી**



અમરેલી, તા. ૯
અમરેલીનાં ધારાસભ્ય અને નાયબ દંડક કૌશિક વેકરિયાનાં જન્મદિને આજે ઠેકઠેકાણે સેવાભાવી યુવાઓ અને સંસ્થાઓ દ્વારા સેવાકાર્ય કરવામાં આવ્યા હતા અને સૌથી વધુ આશ્ચર્ય એ ઉભુ થયુ કે કેન્દ્રીય મંત્રી અને પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટિલે પણ સરપ્રાઈઝ વિઝીટ કરીને ભાજપનાં કાર્યકર્તાઓને ખુશ કરી દીધા હતા. યુવા નેતાએ પોતાની જન્મભુમિ દેવરાજીયા ખાતે સવારે માસુમ ભુલાકાઓ સાથે ઉજવણીનો પ્રારંભ કર્યો હતો. બાદમાં બાબાપુર ગામે સર્વોદય સરવતી મંદિરના બાલઘર ખાતે

અનુસંધાન પાના ૬ ઉપર

## જિલ્લામાં કોરોનાનાં કુલ કેસ–૪ થયા

# બગસરા શહેરમાંથી કોરોનો કેસ સામે આવતા તંત્ર એલર્ટ

**અમરેલી–૧, સાવરકુંડલા–૨ અને બગસરામાં ૧ કેસ નોંધાયો**

અમરેલી, તા. ૯
અમરેલી જિલ્લામાં રોજબરોજ કોરોનાના કેસ સામે આવી રહયા છે. ત્યારે આજે વધુ એક કેસ બગસરા ખાતે મળીઆવેલ છે.
બગસરા ગામે કુંકાવાવ રોડ ઉપર રહેતી એક ૪૭ વર્ષિય મહિલાને કોરોનાં પોઝિટિવ આવેલ છે. અમરેલી જિલ્લાનાં રાજુલા, સાવરકુંડલામાં ૨ કેસ બાદ અમરેલી અને હવે કોરોનાની બગસરામાં શહેરમાં થઈ એન્ટ્રી થતાં અને કોરોનાના રોજ વધી રહેલ કેસ સામે તંત્ર સાબદું થવા પામેલ છે.
ત્યારે કોરોનાના દિવસેને દિવસે વધી રહેલ કેસો સામે તંત્ર દ્વારા સાવચેતી રાખવા કરી અપીલ પણ કરવામાંઆવીરહયા છે.

## સાવરકુંડલાનાં હીપાવડલી ગામનાં અને હાલમાં અમદાવાદ ખાતે રહેતા

# હાય રે કળિયુગ : પિતાએ નાના દીકરાને હક્ક હિસ્સો ન મળે તે માટે ગોલમાલ કરતાં પુત્રવધુએ ફરિયાદ નોંધાવી

**સમગ્ર મિલ્કત મોટા દીકરાને મળે તેવો મલિન ઈરાદો હોવાનું ખુલ્યું**

અમરેલી, તા. ૯
સાવરકુંડલા તાલુકાના હીપાવડલી ગામના વતની અને હાલ અમદાવાદ ખાતે રહેતા આરોપી રણછોડભાઈ શામજીભાઈ કચ્છી પોતે

અનુસંધાન પાના ૬ ઉપર



LG BEST SHOP મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચક્કરગઢ રોડ, અમરેલી
Mo.94081 59606 / 99747 72377
VISIT LG BEST SHOP FOR ATTRACTIVE CASH BACK

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬ જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી. રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
86,000/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૯/૦૬/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬




*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)